Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન તત્ત્વજ્ઞાન, સાહિત્ય,
કળા અને ઇતિહાસના
વિષયો ચર્ચતું
શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક
સમિતિનું
માસિક મુખપત્ર.

# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૨ અંક ૧
૧૯૯૨

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

તંત્રી
શાહ ચીમનલાલ ગોકળદાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन सत्य प्रकाश

( मासिक पत्र )

## વિષય–દર્શન


| | | |
|---|---|---|
| ૧. પ્રભુ–પૂજા, ગુરુ-સેવા | | : ૧ |
| ૨. श्री अजितनाथस्तोत्रम् : | आचार्य महाराज श्री विजयपद्मसूरिजी | : ૨ |
| ૩. દિગંબરોની ઉત્પત્તિ : | આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરિજી | : ૪ |
| ૪. समीक्षाभ्रमाविष्करण : | आचार्य महाराज श्री विजयलावण्यसूरिजी | : ૮ |
| ૫. હીરવિહારસ્તવ : | મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી | : ૧૧ |
| ૬. दिगंबर शास्त्र कैसे बनें : | मुनिराज श्री दर्शनविजयजी | : ૧૫ |
| ૭. ચંદ્રાવતી : | મુનિરાજ શ્રી ન્યાયવિજયજી | : ૨૧ |
| ચિત્ર–પરિચય : | ,, | : ૨૪ |
| ૮. સરસ્વતી–પૂજા અને જૈનો : | શ્રીયુત સારાભાઈ મણિલાલ નવાબ | : ૨૬ |
| ૯. શ્રુતદેવતાને અંગે : | શ્રીયુત પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડીયા | : ૩૦ |
| ૧૦. પુરાતન ઇતિહાસ અને સ્થાપત્ય :— | | |
| (૧) પ્રાચીન લેખસંગ્રહ : (સાત લેખો) | મુનિરાજ શ્રી જયંતવિજયજી | : ૩૩ |
| ૧૧. સંપાદકીય વક્તવ્ય : | | : ૩૬ |
| ૧૨. શ્રી સ્તંભન પાર્શ્વનાથ : | આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી | : ૪૦ |
| ૧૩. મૂર્તિની પ્રાચીનતાના પુરાવા : | શ્રીયુત રતિલાલ ભીખાભાઈ | : ૪૩ |
| ૧૪. સમાચાર | | : ૪૪ની સામે |


લવાજમ—
સ્થાનિક ૧–૮–૦, બહારગામનું ૨–૦–૦

છુટક નકલ—
૦–૩–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદ્રાવતીના અવશેષોમાંની બન્ને તરફ એકજ સરખી
જિનમૂર્તિવાળી એકજ પ્રતિમાનાં ત્રણ ચિત્રો.
(૧)



બન્ને મૂર્તિના વચલા, ખભા પાસેના ભાગનું ચિત્ર.

જૂઓ "ચિત્ર-પરિચય" પૃ. ૨૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

547

(૨)



મૂર્તિની એક બાજુ

(૩)



મૂર્તિની બીજી બાજુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

णमो त्थु णं भगवओ महावीरस्स

सिरि रायनयरमज्झे संमीलिय सव्वसाहुसंमइयं । पत्तं मासियमेयं भव्वाणं मग्गयं विसयं ॥१॥

# श्री जैन सत्य प्रकाश

अण्णाणग्गहदोसग्गत्थमइणा कुव्वंति जे धम्मिए,
अक्खेवे खलु तेसिमागमगयं दाउं विसिट्ठुत्तरं।
सोउं तित्थयरागमत्थविसए चे मेऽहिलासा तया,
वाइज्जा प्पवरं पसिद्धजइणं सच्चप्पयासं मुया ॥ २॥

પુસ્તક ૨ | અંક ૧

વિક્રમ સંવત ૧૯૯૨ : શ્રાવણશુકલા પંચમી | વીર સંવત ૨૪૬૨ ગુરુવાર | : સન ૧૯૩૬ જુલાઈ ૨૩

## પ્રભુ-પૂજા, ગુરુ-સેવા

પ્રભુ-પૂજાથી ચિત્તની પ્રસન્નતા, ચિત્તની પ્રસન્નતાથી (મનની) એકાગ્રતા અને એકાગ્રતાથી પરમપદની પ્રાપ્તિ થાય છે. તેથી પ્રભુનું પૂજન કરવું ઉચિત છે.

— **શ્રી ઉમાસ્વાતિવાચક**

હે પ્રભો! ગુરુજન અને સ્વધર્મીઓની સેવાથી જીવને શું લાભ થાય?

ગુરુજન અને સ્વધર્મીઓની સેવાથી જીવ સાચા વિનયને પ્રાપ્ત કરે છે, અને વિનયથી સમ્યક્ત્વનાં રોધક કારણોનો નાશ કરીને નરક, પશુ, મનુષ્ય અને દેવ સંબંધીની દુર્ગતિને રોકી દે છે. અને જગત્માં બહુમાન કીર્તિ પામતો તે અનેક ગુણોને દીપાવી, સેવા-ભક્તિના અપૂર્વ સાધનવડે, મનુષ્ય અને દેવગતિને પામે છે, તથા મોક્ષ અને સદ્ગતિના માર્ગને વિશુદ્ધ કરે છે.

— **શ્રીઉત્તરાધ્યયનસૂત્ર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

तारंगतीर्थाधीश

# श्री अजितनाथ-स्तोत्रम्

कर्ता—आचार्य महाराज श्रीविजयपद्मसूरिजी

॥ आर्यावृत्तम् ॥

वंदित्तुं वरतित्थं पयपोम्मं पुज्जणेमिसूरीणं ॥
सिरिअजियणाहथुत्तं रएमि भवभावणुच्छेयं ॥ १ ॥

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

झाणा जस्स विसिट्ठसुक्खनिलयं पावंति भव्वा नरा।
सब्भव्वत्तविवागहेउणमणं पूया महाणंदया ॥
सब्भावुब्भवकारणं य सरणं चित्तत्थिरत्ताणुयं।
तं वंदे जियसत्तुरायतणयं तारंगतित्थेसरं ॥ २ ॥

दिक्खा छट्ठतवेण जेण गहिया सालवरुक्खस्सहे।
नट्ठट्ठादसदोस मिट्ठकमलासंदाणकप्पद्दुमं ॥
लोयालोयपरूवगं णियगुणारामे रयं सिद्धियं।
तं वंदे जियसत्तुरायतणयं तारंगतित्थेसरं ॥ ३ ॥

देविंदामरवंतराइमहियं सद्धम्मबीयंबुयं।
कारुण्णंबुहिपुज्जपायकमलं तिण्णं भवा तारयं ॥
संसारद्धिणिगज्जणद्दियनराणं सिद्धणिज्जामयं।
तं वंदे जियसत्तुरायतणयं तारंगतित्थेसरं ॥ ४ ॥

मिच्छत्तायलवज्जकंतवयणं विस्संबुए सूरियं।
दिव्वाणंतगुणोहसंगइगयं सोहग्गलच्छीमयं ॥
जोगक्खेमविहाणदक्खमउडं साहाविआणंदयं।
तं वंदे जियसत्तुरायतणयं तारंगतित्थेसरं ॥ ५ ॥

भावुल्लासणिबंधणं जियरिउं झाणंतरीए खणे।
संपत्तामलकेवलं कुवलयप्पोल्लासभाणुप्पहं ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेलुक्कस्सियवंदणिज्जवयणं णिच्चयं विसालासयं।
तं वंदे जियसत्तुरायतणयं तारंगतित्थेसरं ॥ ६ ॥
सम्मेयक्खणगे प्पहाणणसणेणं मासिएणं मुया।
काउस्सग्गवरासणे मुणिसहस्सेणं सिए पक्खए॥
जो चित्तस्स य पंचमीइ परमज्झाणेण सिद्धिं गओ।
तं वंदे जियसत्तुरायतणयं तारंगतित्थेसरं॥ ७ ॥
देहो जस्स सुवण्णवण्णसरिसो वाणी विसालासया।
माया वण्णविसिट्ठभावविजया धन्ना गणो माणवो॥
अच्चंतत्थिरसत्थमोयललियं पज्जत्तसंपुण्णयं।
तं वंदे जियसत्तुरायतणयं तारंगतित्थेसरं॥ ८ ॥
धण्णो भव्वकुमारपालणिवई सो जेण भत्तेणय।
पासाओ तुह हेमचंदवयणा णिम्माविओ सुंदरो॥
भत्ती णिव्वुइसाहणेसु परमा दिव्वक्खिया सत्तिई।
णच्चेवं तुम पायजुम्मसरणं णिच्चं पवज्जामि हं॥ ९ ॥
णिल्लज्जेण विडंविओ भववणे मोहेण हं णाह मे।
विण्णाओ ण तुमं मए जिणवई तस्सेव वित्तासणा॥
णो अज्जप्पभिई भिई तुव सुहादिट्ठीइ तस्संसओ।
अप्पा मे प्पसमो थिरो णियरई जाओ महाणंदिओ॥ १० ॥
तुं बुद्धो य महेसरो गुणणिही देवाहिदेवो वि तं।
भंते! सव्वकयत्थयं वि पगओ पुण्णो सरण्णो तुमं॥
विण्हू केवलणाणभाववयणा तं संकरो वत्थुओ।
दासो हं गुणलेसभाववरहिओ संतारणिज्जो तुमे॥ ११॥

॥ आर्यावृत्तम् ॥

जुम्मणिहाणणिहिंदु–प्पमिए वरिसे य जिट्ठसियपक्खे॥
पढमे दियहे धण्णे–पुण्णे सिरिरायणयरंमि॥ १२॥
तारंगेसरथुत्तं–गुरुवरसिरिणेमिसूरिसीसेणं॥
पउमेणायरिएणं–विहियं प्पभणंतु भव्वयणा॥ १३॥
रयण मिमं विण्णत्तो–अकरिस्सं हं सुसील सिसुमुणिणा॥
पढणाऽऽयण्णणसीलो–सिरिसंघो लहउ कल्लाणं॥ १४॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દિગંબરોની ઉત્પત્તિ

લેખક: આચાર્ય મહારાજ શ્રીમત્ સાગરાનંદસૂરિજી

( ગતાંકથી ચાલુ )

તત્ત્વાર્થાધિગમ સૂત્રના નવમા અધ્યાયમાં ચારિત્ર સંબંધી સૂત્રમાં કહેલ લિંગવિકલ્પ (જે દિગંબરોના મત પ્રમાણે કોઇ પણ રીતે ઘટી શકતો નથી એ આપણે ગયા અંકમાં જોઇ ગયા) તેના કરતાં પણ: દશમા અધ્યાયમાં, સિદ્ધ થવાને અંગે જણાવેલા વિકલ્પોમાંનો લિંગવિકલ્પ તો દિગંબર ભાઇઓને માટે બહુ જ અમુંઝણ ઉભી કરે છે, કારણ કે નવમા અધ્યાયમાં ચારિત્રના પ્રસંગમાં તો—(જો કે–એકલા યથાખ્યાત ચારિત્રમાં દિગંબરોથી કોઇ પણ પ્રકારે ભાવવેદ માની શકાય તેમ નથી અને દ્રવ્યવેદમાં પણ તેઓને પુરુષવેદ સિવાયનો વેદ યથાખ્યાત ચારિત્રમાં લેવો નથી એટલે યથાખ્યાત ચારિત્રમાં અને તેવી જ રીતે સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં પણ દિગંબરોથી વેદનો વિકલ્પ લઇ શકાય તેમ નથી. વળી નિર્ગ્રન્થ અને સ્નાતક નામના બે નિર્ગ્રંથોમાં પણ ભાવવેદનો નિશ્ચયપૂર્વક અભાવ હોવાથી અને દ્રવ્યવેદમાં પુરુષવેદ સિવાયનો બીજો વેદ દિગંબરોને સ્વીકાર્ય ન હોવાથી વૈકલ્પિક વિધાનના અભાવે વેદના નામે પણ લિંગવિકલ્પની સંગતતા નથી થતી. વળી જો કે— વાસ્તવિક રીતે જ્યાં પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપના સર્વથા ન હોય ત્યાં અનન્તરપૂર્વભાવપ્રજ્ઞાપના અથવા પરંપરપૂર્વભાવપ્રજ્ઞાપનાને સ્થાન હોય નહિં અને તેથી પૂર્વભાવની અપેક્ષાએ પણ દ્રવ્ય કે ભાવ એ બન્ને પ્રકારના વેદનું વૈકલ્પિક વિધાન ન હોવાને લીધે પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ પણ એ લઇ શકાય એમ નથી છતાં)— કદાચ ચારિત્રોમાં સામાયિકાદિ ચારિત્રો અને નિર્ગ્રંથોમાં બકુશાદિ નિર્ગ્રંથો હોવાથી, દ્રવ્યવેદને બાધક ગણ્યા છતાં, સ્ત્રી આદિ ભાવવેદને અબાધક ગણેલ હોવાથી, કથંચિત્ વૈકલ્પિકતા ગણી ક્ષેત્રકાલાદિ સૂત્રમાં આપેલ લિંગ પદની વૈકલ્પિકતા સાધી શકાશે પણ દશમા અધ્યાયમાં જણાવેલ લિંગમાં તો શ્રી સિદ્ધમહારાજને અંગે કોઇ પણ જાતના ભાવભેદરૂપ લિંગમાં સિદ્ધપણું હોતું જ નથી તેથી અને દ્રવ્યવેદરૂપે તો પુરુષવેદ સિવાય બીજો વેદ દિગંબરોને લેવો જ નથી તેથી ત્યાં નતો વેદની અપેક્ષાએ લિંગપદ સિદ્ધ થતું, કે, કેવળ નગ્નાવસ્થામાં મુક્તિ માનવાને કારણે, નથી વેષરૂપ દ્રવ્યલિંગ કે સમ્યગ્દર્શનાદિરૂપ ભાવ-લિંગમાં લિંગપદ સિદ્ધ થતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો કે દિગંબરો તરફથી ઔદયિક ભાવના ગણાવેલ એકવીસ ભેદોમાં લિંગ શબ્દનો અર્થ વેદ કરવામાં આવ્યો છે અને તેથી લિંગ શબ્દથી આ બધા વિકલ્પોમાં તેઓ વેદ લેવા માગે છે પણ એ રીતે લિંગ શબ્દથી વૈકલ્પિક વેદ — વૈકલ્પિક વિધાન નિશ્ચિત નથી તેથી લિંગનો અર્થ વેષ કરીને તેનો વિકલ્પ લેવો વધારે જરુરી છે. આ વસ્તુ–લિંગ વિકલ્પનો વિષય–વિચારવાનું કારણ એટલું જ છે કે દિગંબરોએ રજોહરણ–પાત્રાદિ ઉપકરણો માનેલાં ન હોવાથી તેઓ લિંગનો વિકલ્પ વેષના નામે લઈ શકે એમ નથી. અસ્તુ.

શ્વેતાંબર સાહિત્યમાં જેનું વર્ણન આવે છે તે શિવભૂતિ અને ઉત્તરાનો પ્રસંગ સ્ત્રીઓ માટેની દિગંબરોની માન્યતાનો મુખ્ય પાયો હોય એમ લાગે છે. પરન્તુ શિવભૂતિની બ્હેન ઉત્તરા હતી કે કેમ ?–એ ઉત્તરાએ શિવભૂતિનું અનુકરણ કરવાના ઇરાદાથી સર્વ વસ્ત્રોનો ત્યાગ કર્યો હતો કે કેમ ?—આ બધી હકીકત પ્રત્યે દિગંબરોના સાહિત્યમાં બીલકુલ ચૂપકીદીભર્યું વર્તન જ બતાવાય છે.

ક્ષણભર માટે આપણે "तुष्यतु दुर्जनन्याय" પ્રમાણે માની લઈએ કે ઉત્તરાએ વસ્ત્રોનો સર્વથા ત્યાગ કરવામાં શિવભૂતિનું અનુકરણ નહોતું કર્યું તો પછી દિગંબરોની સ્ત્રી–ચારિત્ર અને સ્ત્રી–મુક્તિની માન્યતાને અંગે એ વિચાર ઉપસ્થિત થાય છે કે- દિગંબર માન્યતા પ્રમાણે જ્યારે સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે આરંભ અને પરિગ્રહના ત્યાગની સાથે સાથે તમામ વસ્ત્રોનો પણ સર્વથા ત્યાગ કરવો પડે છે તો પછી કોઇક સ્ત્રીનું હૃદય વૈરાગ્ય વાસિત થયું હોય અને એ સંસારનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઇચ્છતી હોય તો તે વખતે આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરનાર સ્ત્રી શું સ્વયં-પોતે જ વસ્ત્રોનો ત્યાગ કરવા માગતી નથી કે એ સ્વયં–પોતે તો છોડવા તૈયાર હોવા છતાં બીજો કોઇ તેને તેમ કરતાં અટકાવે-નિવારે–છે ? આનો જવાબ સ્પષ્ટ છે. વૈરાગ્યના રંગથી રંગાયેલ સ્ત્રી સ્વયં–પોતે જ વસ્ત્રનો ત્યાગ કરવા તૈયાર ન હોય એ તો બને જ નહિ. કારણ કે આપણે જોઇએ છીએ કે જોગણીયો કે જે, આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરનાર નહિ હોવા છતાં, વસ્ત્રોનો ત્યાગ કરી શકે છે તો પછી જે સ્ત્રી સર્વજ્ઞ વીતરાગ પ્રભુના વચનથી પ્રતિબોધ પામી હોય, જે અનાદિ ભવબાલકાળ છોડવા સાથે લોક પર્યેષણા છોડવા તૈયાર થઇ હોય, મોક્ષમાર્ગની સાધનામાં એટલે કે મોક્ષનું સાધન જે ચારિત્ર એ ચારિત્રના પાલનમાં વસ્ત્રો અત્યંત બાધક છે એમ સમજતી હોય, જાતિસ્મરણજ્ઞાનાદિથી જેને વાસ્તવિક પદાર્થનો બોધ થયો હોય અને જે, આરંભ અને પરિગ્રહથી કદાચ વધુ નહિ તો છેવટે એ આરંભ અને પરિગ્રહના જેટલું તો, વસ્ત્રનું બાધકપણું જાણતી હોય છતાં કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ કાળે, કોઈ પણ ક્ષેત્રે કે કોઇ પણ એકાંતાદિ પ્રસંગે વસ્ત્રોનો સર્વથા ત્યાગ કરવાનો વિચાર કરે જ નહિ, એમ કહેવું એ તો સાવ અનુભવશૂન્ય જ લાગે છે.

આ પ્રમાણે સ્ત્રી સ્વયં વસ્ત્ર છોડવા ઇચ્છતી ન હોય એ વાત અનુભવશૂન્ય સિદ્ધ થાય છે ત્યારે ઉપર કહેલો બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે એને વસ્ત્રનો ત્યાગ કરતાં અટકાવવામાં આવે છે. આનો અર્થ તો એ થયો કે જ્યારે ધર્મોપદેશ ચાલતો હોય તે વખતે ઉપસ્થિત સ્ત્રી વર્ગને સંબોધીને દિગંબરોએ જાહેર કરવું જોઈએ કે મોક્ષમાર્ગની સાધના માટે ચારિત્રની અને ચારિત્રની સંપૂર્ણ પાલના માટે આરંભ અને પરિગ્રહની માફક વસ્ત્રના સર્વથા ત્યાગની પરમાવશ્યકતા હોવા છતાં સ્ત્રીઓથી વસ્ત્રાદિનો ત્યાગ કરી શકાય નહિ. આ પ્રમાણે વિચાર કરવો એ, જો ન્યાય દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો, એક પ્રકારની ઇજારાવૃત્તિ સિવાય બીજું શું છે ?

જોગણીઓ વસ્ત્રહીન અવસ્થામાં જીવન વ્યતીત કરે છે એ બીલકુલ સાચી વાત છે. વળી સામાન્ય જાતિની અપેક્ષાએ સ્ત્રી જાતિમાં નિર્લજ્જતા પણ અધિક પ્રમાણમાં હોય છે. માતા, પિતા, પુત્ર, ધન, ધાન્યાદિક સર્વનો ત્યાગ કરીને, મને કે કમને, સતીપણાની કીર્તિ માટે જીવતાં અગ્નિ પ્રવેશ સ્વીકારીને સાહસની સીમાને વટાવી જવાની શક્તિ પણ એ સ્ત્રીજાતિમાં રહેલી છે. આવી શક્તિવાળો સ્ત્રીવર્ગ પોતાના પરમશ્રેયની સાધના માટે વસ્ત્રત્યાગ માટે તૈયાર ન થાય એ ન બનવા જેવી વાત છે. એટલે પછી પરાણે પોતાની સત્તા વાપરીને તેને તેમ કરતાં રોકવા સિવાય બીજો કોઈ પણ ઉપાય દિગંબરોના હાથમાં રહેતો જ નથી.

દિગંબર સંપ્રદાયના આદ્યપ્રવર્તક શિવભૂતિ હતા. શું તેમના પ્રત્યેના સ્નેહને લીધે કે તેમના વૈરાગ્યમય ઉપદેશથી પ્રતિબોધ પામીને કોઈ પણ સ્ત્રી કે સ્ત્રીસમુદાય વસ્ત્રાદિનો ત્યાગ કરવા તૈયાર જ નહિ થયો હોય ?—અને તે પણ એવે સમયે કે જ્યારે-આરંભ, પરિગ્રહ અને વિષય કષાયોના ત્યાગનો ઉપદેશ તો શ્વેતાંબર સંપ્રદાયમાં હયાત હોવાથી અને પોતાને શ્વેતાંબરોની સામે થઈને બીજો પંથ સ્થાપન કરવાનો હોવાથી સંયમનાં ઉપકરણોને અધિકરણ માનીને તેને સર્વથા ઉખેડી દેવાની સાથે—વસ્ત્રત્યાગના ઉપદેશ ઉપર જ નૂતન સંપ્રદાયની આખી ઇમારત ઉભી કરવાની હતી અને એ ઉપદેશ સાંભળવાની પુરુષોના જેટલી જ સ્ત્રીઓ માટે પણ છૂટ અને સગવડ હતી ? વસ્તુસ્થિતિ આમ હોવા છતાં દિગંબર સંપ્રદાયમાં સ્ત્રી-ચારિત્રને માટે સર્વથા નિષેધ કરવામં આવે છે તેથી કોઈ પણ વિદ્વાનને એમ લાગ્યા વગર નથી રહેતું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ દૈવિક યા માનુષ્યક એકાદ ઘટનાના કારણે શિવભૂતિને આ પ્રમાણે પ્રરૂપણા કરવી પડી હોય. આ પ્રસંગ દેવદત્તા વેશ્યાનો છે.

સામાન્ય રીતે સ્ત્રીવર્ગને પોતાના ભાઇ તરફ જે પ્રીતિ હોય છે તે અવર્ણનીય અને અદ્વિતીય જ હોય છે. જો કે સાધુપણાને અંગીકાર કરતી વખતે પૂર્વ અને પશ્ચાત્ એ બન્ને જાતના સંબંધો છોડવા જરુરી હોય છે, છતાં જેઓ સંસારનો ત્યાગ નથી કરી શકયા તેઓ તરફ સાંસારિક રીતિનો નહિ તો પણ ધાર્મિક રીતિનો પ્રેમ થયા વગર નથી રહેતો. એટલે સાધુપણામાં વર્તતા થકા પૂર્વ કે પશ્ચાત્ સંબંધવાળા સ્નેહીવર્ગ તરફ ધર્માચરણના સંબંધનો પ્રેમ થાય એ અસ્વભાવિક નથી. આ વાતના વિચારથી જ નાલબદ્ધ-અનાલબદ્ધ-વલ્લી આદિ આભવદ્દવ્યવહાર જે શાસ્ત્રકારોએ જણાવેલ છે તે તથા માતા અને પુત્રી, પિતા અને પુત્ર વગેરે વડી દીક્ષાને અંગે બતાવેલો વિધિ સહેતુક અને યોગ્ય જ લાગે છે.

વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાથી શિવભૂતિની બહેન ઉત્તરા, જેણે શિવભૂતિની પહેલાં દીક્ષા ગ્રહણ કરી હતી તે પોતાના નગ્ન થયેલા ભાઈને વંદન કરવા માટે આવી. પોતાની બહેન ઉત્તરા પોતાની પહેલાં દીક્ષિત થયેલ હોવાથી શિવભૂતિને તેને ઉપદેશ આપીને બુઝવવાની કે દીક્ષિત થવા તૈયાર કરવાની જરુર પડી નહિ, સાથે સાથે પોતે (શિવભૂતિ) નગ્ન થયા છતાં તેને વસ્ત્ર રાખવાનું કહેવાનો-અર્થાત્ સ્ત્રીથી સર્વથા વસ્ત્ર ત્યાગી (નગ્ન) થઇ શકાય નહિ તેથી તેને ચારિત્ર હોય નહિ અને પરિણામે સ્ત્રીજાતિને મોક્ષ જ હોઈ શકે નહિ, તેથી "હું ગમે તેવો ઉપદેશ આપું છતાં તારે નગ્ન થઈને મોક્ષની સાધના માટે તૈયાર થઈ શકાય નહિ" એવું કશું સમજાવવાનો— જરાય અવકાશ મળ્યો નહિ, ન એવી જરુરત જણાઈ. આટલું જ નહિ પણ આ પ્રસંગે સ્વાભાવિક રીતે જે વસ્તુ બની શકે એ બની. એમ કહેવાય છે કે પોતાના ભાઈને નગ્ન થયેલો જોઈને કેવળ પોતાના ભાઈનું અનુકરણ કરવાના ઈરાદાથી ઉત્તરાએ પણ પોતાની પાસેના પ્રથમ-સાધ્વીપણાના જે વસ્ત્રો હતાં તેનો ત્યાગ કર્યો અને પોતે નગ્ન દશામાં દાખલ થઈ.

શિવભૂતિની નગ્નાવસ્થાનું અંધ અનુકરણ કરીને ઉત્તરાએ દિગંબરોની આખી પ્રરૂપણાને જમીનદોસ્ત કરી નાખી. તેણે નગ્નાવસ્થાનો સ્વીકાર કરીને બતાવી આપ્યું કે સ્ત્રીઓ પણ કોઈ પણ પ્રકારના વસ્ત્ર વગર રહી શકે છે, ચારિત્રની સાધના કરી શકે છે અને છેવટે યાવત્ પરમપદ-મોક્ષને મેળવવાનો પણ ઉદ્યમ કરી શકે છે.

(અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# समीक्षाभ्रमाविष्करण

[ याने दिगम्बरमतानुयायी अजितकुमार शास्त्रीए "श्वेताम्बरमतसमीक्षा "मां आलेखेल प्रश्नो प्रत्युत्तर ]

लेखक—आचार्य महाराज श्रीमद् विजयलावण्यसूरिजी

(गतांकथी चालु)

## साधु आहारपान कितने वार करे?

[ कल्पसूत्रना पाठ परथी लेखकनो थयेल मनोविभ्रम ]—

गया अंकमां जणावेला कल्पसूत्रना पाठने आगल धरीने आक्षेप करता लेखक जणावे छे के "अन्य साधुओंको उनके छोटे अपराधोंका प्रायश्चित देनेवाले आचार्य स्वयं दो वार भोजन करें और अन्य मुनियों को एक ही वार भोजन करने दें, यह कैसी आश्चर्य और हास्यजनक बात है"।

लेखकना आ लखाणमांथी त्रण वातो तरी आवे छे: —

१. आचार्य बीजा साधुओने नानकडा दोषनुं प्रायश्चित्त आपे छे।

२. आचार्य पोते बेवार आहार करे छे।

३. आचार्य बीजा साधुओने एक ज वार आहार करवा दे छे।

आपणे आ त्रण बाबतपर क्रमशः विचार करीए। प्रथम बाबतमां लेखकने पूछवामां आवे छे के शुं आचार्य नाना ज अपराधनुं प्रायश्चित्त आपे छे, अने मोटा अपराधनुं प्रायश्चित्त नथी आपता एम कहेवा मागो छो? अथवा नाना अपराधनुं प्रायश्चित्त आपे छे ते अनुचित छे एम कहेवा मागो छो? । आ बेमांथी एक पण वात व्याजबी नथी, कारण के गच्छनायक आचार्य भगवन्तो जिनेश्वर देवनी आज्ञा प्रमाणे नाना मोटा दोषना प्रायश्चित्तो आपीने अन्यने शुद्ध करे छे, अने आ तेमनी अनिवार्य फरज छे।

कदाच लेखक एम कहे के मारो कहेवानो अभिप्राय एवो छे के "आचार्य पोते मोटा दोषना भागी छे, छतां ते तरफ ध्यान आपता नथी, अने अन्य साधुना नाना दोषने पण प्रायश्चित्तथी शुद्ध करे छे। अर्थात् बीजानुं भलुं करवा जाय छे, परंतु पोतानुं भलुं करवा तरफ ध्यान आपता नथी" आ वात पण व्याजबी नथी। कारण के आचार्य भगवान् पोते मोटा दोषना भागी छे आवुं जे बोलवुं ते केवल मिथ्या प्रलाप छे।

कदाच एम कहेवामां आवे के आचार्य पोते बे वार अहार ले छे माटे मोटा दोषवाळा छे," तो आ पण व्याजबी नथी। आनो खुलासो आगळ सविस्तर आवे छे।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हवे आपणे बीजी बाबत पर आवीए। बीजी बाबतमां लेखकनुं जणाववुं एवुं हतुं के आचार्य पोते बे वार आहार करे छे। अर्थात् उपर्युक्त कल्पसूत्रनो पाठ आचार्यने बे वार भोजन करवानुं प्रतिपादन करे छे। आ बाबतमां लेखकने पूछवामां आवे छे के शुं आ वचनो विधिरूप कहो छो आपवादिक? विधिरूप जो कहेता हो तो ते व्याजबी नथी। कारण के तेने नहि पालवामां अर्थात् बे वार खावामां नहि आवे तो आज्ञा-भङ्गादि दोष लागशे अने आ वात व्याजबी नथी। आचार्य भगवन्तोनी अनेक प्रकारनी तपस्यानुं शास्त्रमां वर्णन छे:—जेम जगच्चन्द्रसूरीश्वरजी महाराजे जावजीव सुधी आंबेल कर्या हतां, जेने लइने तेमना गुणथी आकर्षाएला मेदपाटाधीशे "महातपा" एवुं बिरुद आप्युं हतुं। आपवादिक वचनो छे एम जो कहेवामां आवतुं होय तो तमाम आचार्यने माटे हंमेशनी आ वस्तु नथी परन्तु कारणविशेषे आचार्यविशेषने आश्रीने छे। अर्थात् जे आचार्य भगवन्तोने एक वखत वापरवाथी निर्वाह न चालतो होय अने शासननां कार्य सीदातां होय तेओ तेवा कार्यप्रसङ्गमां बे वार पण वापरे, अने जे आचार्य भगवन्तो विशिष्ट शरीरना बंधारणवाळा होय अने एक वखत आहारथी निर्वाह चलावी शकवा साथे शासनकार्यो अम्लानाभवे करी शकता होय तेओ एक वार आहार करे।

सूर्यसमान तीर्थङ्कर देवोना विरह कालमां तथा चन्द्रसमान केवली भगवन्तोना विरहकालमां दीपकसमान आचार्य भगवन्तो सर्वज्ञदर्शित भावो जगत्नी आगळ प्रदर्शित करे छे एटलुं ज नहि परन्तु तेओ शासनना राजा समान छे। जेम समग्र राज्यनी धुरा राजा पर निर्भर होय छे तेम धर्मसाम्राज्यनी धुरा पण आचार्य भगवन्तो पर निर्भर होय छे। इतर दर्शनना आक्रमणथी शासनने केम अविचल राखवुं, वादीओने निरुत्तर करी परम कल्याणकारी वीतराग दर्शन केम विश्व-व्यापी बनाववुं, परिचयमां आवता राजा महाराजा अने विद्वान वर्गने प्रतिभाकौशल्यथी स्वपरसमयना भावो युक्तिपुरस्सर समजावीने वीतरागशासनरसिक केम बनाववा, चतुर्विध संघनी धार्मिक व्यवस्था साचववी, मुनिओने सूत्रार्थनी वाचना आपवी, सारणा-वारणादिकथी गच्छनी संभाळ राखवी वगेरे अनेक कार्यनो बोजो आचार्य भगवन्तोना शिर पर होय छे। आ दुर्धर बोजाना परिश्रमने लईने आचार्य भगवन्तोनी शारीरिक अने मानसिक शक्ति पर आघात पहोंचवानो सम्भव छे माटे ते शक्तिने टकावीने शासनकार्य बजाववा माटे बे वार आहार बतावेल छे। छतां पण कोई विशिष्ट संघयणवाळा होय अथवा कशा प्रकारनो बोजो न होय तो एक वारथी चलावे। आ प्रमाणे बे वार वापरवामां शुं शुं ध्येय समायेल छे तेनो विचार कर्या सिवाय जेम आवे तेम दीधे राखवुं तेनो कशोय अर्थ नथी।

आचार्य शब्दथी जेम पञ्चपरमेष्ठीमांना

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तृतीयपदवर्ती, तीर्थङ्कर सिवायना, आचार्य लेवाय छे, तेम पञ्चपरमेष्ठी वगेरमां कोईक स्थलमां आचार्य शब्दथी तीर्थङ्करो पण लेवाय छे. जेने माटे—

आयरियग्गहणेणं तित्थयरो तत्थ होई गहिओ उ।
किं वा न होयायरिओ आयारं उवदिसंतो उ॥१॥
[आचार्यग्रहणेण तीर्थकरस्तत्र भवति ग्रहीतस्तु।
किं वा न भवेदाचार्य आचारमुपदिशन्तु॥ १ ॥]

स्वयमाचारकरणं परेषामप्याचारोपदेशनमित्याचार्यशब्दप्रवृत्तिनिमित्तम्, ततस्तीर्थकरोऽपि आचार्यो भवति। अत्र निदर्शनम् :—

स्कन्देन भगवान् गौतमः पृष्टः केनेदं तव शिष्टम्, स प्रत्याह—धर्माचार्येणेति।

सारांश—आचार्यनुं ग्रहण करवाथी तेमां तीर्थङ्करनुं पण ग्रहण थाय छे, आचारनो उपदेश करता एवा तीर्थङ्कर भगवन्तो शुं आचार्य न कहेवाय? अर्थात् कहेवाय छे। पोते आचारनुं परिपालन करवुं अने बीजाने आचारनो उपदेश आपवो ते आचार्यपदनुं प्रवृत्तिनिमित्त छे माटे तीर्थङ्कर भगवान् पण आचार्य कहेवाय छे। आ ज कारणथी स्कन्दे गोतमस्वामी भगवान्ने पूछ्युं के आ वात तमने कोणे कही छे त्यारे गौतम प्रभुए जवाब आप्यो के मारा धर्माचार्ये कही छे। आ ठेकाणे पण तीर्थङ्करने माटे धर्माचार्य शब्द वापरेल छे। प्रस्तुतमां गमे ते रीते लेवामां आवे तो पण वांधो नथी कारण के आपवादिक वचन मानेल होवाथी जेने निर्वाह नहि चाली शकतो होय तेने माटे लागु पडशे।

हवे आपणे त्रीजी बाबत पर आवीए। त्रीजी बाबतमां लेखके जणाव्युं हतुं के आचार्य अन्य साधुओने एक ज वार खावा दे छे। आना प्रत्युत्तरमां जणाववानुं जे आ प्रस्तुत कल्पसूत्रना वचनो ते कोइ सामान्य आचार्यना नथी परन्तु श्रुतकेवली, चतुर्दशपूर्वी भद्रबाहुस्वामी महाराजना द्वादशाङ्गीमांथी उद्धरेलां छे अने आ वचनो पण केवल आचार्य महाराजने ज बे वार आहारनी छुट आपे छे अने बीजाने नहि तेम नथी, परन्तु उपाध्याय, तपस्वी, बीमार, क्षुल्लक, क्षुल्लिका अने वेयावच्च करनारने पण ते ज रीते छुट आपे छे। जेने माटे प्रथम अर्थसहित पाठ पण अमो बतावी आव्या छीए। छतां पण लेखक जणावे छे के आचार्य बीजाने एक ज वार खावा दे छे ते नवाईभर्युं छे। वस्तुतः सामान्य रीते मुनिमण्डलने एक वार भोजन शास्त्रप्रतिपादित छे। कारण के एक वार वापरवाथी निर्वाहनो सम्भव छे। छतां पण जेने एक वार वापरवाथी निर्वाह न थतो होय तेने बीजी वार वापरवानी पण छुट छे।

कदाच अहींया कोई एम प्रश्न करे के एम जो छे तो पछी आ कल्पसूत्रमां बे वार आहारनो छुटमां अमुक ज नामो केम जणाव्यां। आना जवाबमां समजवानुं जे संयमपरिपालना अने शासनसेवा वगेरेने लक्ष्यमां राखीने जेने एक वार भोजनथी निर्वाहनो असम्भव छे तेनुं स्वरूप सूचन करवा माटे विशेष नामो आप्यां छे। आ सिवायमां एक वारथी निर्वाहनो सम्भव छे माटे आपेल नथी। (अपूर्ण)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હીરવિહારસ્તવ

લેખકઃ—
મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી

ગત વર્ષમાં પાટણમાં સ્થિરતા દરમ્યાન મુનિરાજ શ્રી જયવિજયજીએ બે પાનાંની એક પ્રત બતાવી. સુંદર અક્ષરો, પડીમાત્રાવાળી લિપિ, દરેક પૃષ્ઠમાં ૧૧—૧૧ લાઇનો અને પાનાનાં માર્જિનમાં લખેલું 'जिनहस्त।' પરન્તુ પ્રતિ વાંચતાં માલુમ પડયું કે આમાં **હીરવિહાર**નું વર્ણન છે. '**સૂરિશ્વર અને સમ્રાટ્**'માં હીરવિજયસૂરિ સંબંધી જે કંઈ સામગ્રી ઉપલબ્ધ થએલી, તેનો ઉપયોગ કરેલો. પરંતુ મને લાગ્યું કે આ '**હીરવિહારસ્તવ**' તે વખતે પ્રાપ્ત નહિ થએલું, મારા જોવામાં આવેલું નહિ. આ પુસ્તકનો પ્રારંભ આમ કરવામાં આવેલો છે;

**॥ ई० ॥ महोपाध्याय श्री ५ नेमिसागरगणिगुरुभ्यो नमः ।**

"સરસતી ભગવતી ભારતી એ, સમરી સારદ માય;
રચસિઉં **હીરવિહારસ્તવન,** વર દિઓ મુઝ માય" ॥૧॥

પ્રતિ અધૂરી છે. એની અંતિમ કડીઓ નથી, એટલે રચ્યા સંવત્ કે બનાવનારનું નામ માલૂમ નથી પડતું. છતાં મથાળે કરેલા મંગળાચરણ ઉપરથી જેમ એ અનુમાન કરી શકાય છે કે આના બનાવનાર **નેમિસાગર**ગણિના શિષ્ય હોવા જોઈએ, તેમ આમાં આપેલા વર્ણનમાં એક પ્રતિષ્ઠાનો સંવત્ આ પ્રમાણે આપ્યો છે:

સંવત સોલ છહુત્તરિ જ્યેષ્ટ શુદિ ચઉથિ ગુરૂવાર,
કરિઅ પ્રતિષ્ઠા હર્ષસ્યું મૂરતિ ત્રિણિ ઉદાર ॥૩૦॥

એટલે સંવત્ ૧૬૭૬ ના જ્યેષ્ઠ શુદિ ૪ ના સમય પછી આ 'સ્તવન' બન્યું છે, એ ચોક્કસ થાય છે.

કવિતાનો વિષય એના નામ ઉપરથી સ્પષ્ટ થાય છે. આમાં **હીરવિહાર** – એટલે **હીરવિજયસૂરિ**નું મંદિર અથવા મૂર્ત્તિઓની જ્યાં જ્યાં પ્રતિષ્ઠા થઈ હોય, એનું વર્ણન છે. જો કે '**વિહાર**' શબ્દથી આપણે 'મંદિર' સમજીએ, પરંતુ આજકાલની માફક કોઈ પણ પૂર્વાચાર્યનું સ્વતંત્ર મંદિર–ગુરુમંદિર પહેલાં બન્યું હોય, એવું પ્રાયઃ જોવામાં નથી આવતું. બેશક પૂર્વાચાર્યોની મૂર્ત્તિઓ મોટી સંખ્યામાં સ્થાપન થએલી જોવાય છે. એટલે આમાં '**હીરવિહારસ્તવન**' કહેવામાં આવ્યું છે તે 'વિહાર'થી તે મંદિરનું વર્ણન સમજવું જોઈએ કે જેમાં હીરવિજયસૂરિની મૂર્તિ સ્થાપન થઈ હોય. પરંતુ તે મંદિર મુખ્ય તો જિનેશ્વર ભગવાનનું જ હોય.

આવાં જે કેટલાંક સ્થળોએ **હીરવિજયસૂરિ**ની મૂર્ત્તિઓ સ્થાપન થએલી એનું વર્ણન આમાં જોવાય છે.

કવિએ આબુમાં હીરવિહાર હોવાનું જણાવ્યું છે તે પ્રમાણે અત્યારે પણ હીરવિજયસૂરિની ઘણી મનોહર ત્યાં મૂર્ત્તિ બિરાજમાન છે. કવિએ બીજે જ્યાં જ્યાં હીરવિજયસૂરિનો વિહાર (મૂર્ત્તિવાળુ મંદિર) હોવાનું લખ્યું છે, તેમાં **પાટણ, રાજનગર, ખંભાત, સુરત, નિજામપુર** (જે પૂર્વ દિશામાં બતાવવામાં આવ્યું છે), આ મુખ્ય છે. આમાં સુરતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'**હીરવિહાર**'ની પ્રતિષ્ઠા **નેમિસાગર વાચકે** કર્યાનું જણાવ્યું છે, જ્યારે **નિજામપુરના** '**હીરવિહાર**ની પ્રતિષ્ઠા પં. લાભસાગરજીએ સં. ૧૬૭૩ ના પૌષ વદિ ૫ ને ગુરૂવારે કર્યાનું જણાવ્યું છે.

નિજામપુરના 'હીરવિહાર'નું વર્ણન કવિએ વિસ્તારથી આપ્યું છે. આ વર્ણન એ **હીરવિજયસૂરિ**ની મૂર્ત્તિનું નથી, પરંતુ 'મંદિર'નું છે. આ 'મંદિર' એટલે હીરવિજયસૂરિનું મંદિર નહિ, પરંતુ જિનેશ્વરનું મંદિર સમજવું કારણ કેઃ—

ચઉરંસિઈ વેદિકા સુહાવઈ પાદુપીઠિકા જિનતણીહ ॥૧૮॥

આ ઉપરથી સ્પષ્ટ છે કે મંદિરમાં મૂલનાયક તો જિનેશ્વર ભગવાનની મૂર્ત્તિ જ હતી. આ મંદિરમાં જુદા જુદા ગૃહસ્થોએ હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ અને બીજા કોઈ ત્રણ વાચકોની પાદુકાઓ સ્થાપન કર્યાનું પણ વર્ણન છે.

પ્રતિ અધૂરી છે. જો આની બીજી પૂરી પ્રતિ મળે તો અન્તિમ વર્ણન શું છે, તે જાણવાનું પ્રાપ્ત થાય.

આ વિષયના અભ્યાસિઓના ઉપયોગને માટે જેટલો ભાગ મળ્યો છે, તે અક્ષરશઃ આ નીચે આપું છું—અને આ પ્રતિનો ઉપયોગ કરવા આપનાર મુનિરાજશ્રી જયવિજયજીનો આભાર માનું છું.

**॥ महोपाध्याय श्री ५ नेमिसागरगणिगुरुभ्यो नमः ॥**

સરસતી ભગવતી ભારતી, સમરી સારદ માય ।
રચસિઉ **હીરવિહારસ્તવન** વર દિઓ મુઝ માય ॥ ૧ ॥
શેત્રુંજ મંડણ ઋષભદેવ, અષ્ટાપદિ સ્વામી ।
આબૂ **હીર-વિહાર-સાર** પ્રણમું શિર નામી ॥ ૨ ॥
નાભિ નરેશ–કુલતિલો એ, મરુદેવી મલ્હાર ।
યુગલાધર્મનિવારણઉ, ત્રિભુવન જન હિતકાર ॥ ૩ ॥
પ્રથમ રાય અણગાર પ્રથમ, ભિક્ષાચર કેવલ ।
પ્રથમ તીર્થંકર પ્રથમ ધર્મ પ્રકાશક નિર્મલ ॥ ૪ ॥
સમોઅસર્યા શેત્રુંજગિરિ, અષ્ટાપદિ સિદ્ધ ।
આબૂ **હીરવિહારિ** મૂરતિ મહિમા સુપ્રસિદ્ધ ॥ ૫ ॥
ધ્યાઓ શ્રીનવકારમંત્ર, શેત્રુંજગિરિ યાત્ર ।
દેવ આરાહો વીતરાગ, નિર્મલ કરો ગાત્ર ॥ ૬ ॥
મહિમાવંત એ ત્રિણિ તીર્થ, ચઉથઉ **હીરવિહાર** ।
**હીરવિજયસૂરિસરુએ**, વયર સમ અવતાર ॥ ૭ ॥

વસ્તુ

વિમલગિરિવર વિમલગિરિવર, રિસહ જિણદેવે,
સમવસરણ દેવહિં મિલી રચિઉં, વાર પૂરવ નવાણું
અષ્ટાપદ સિદ્ધાવલી, નામ મંત્ર નિશિદિવસ આણું ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આબૂહીરવિહાર**–પ્રતિ, મૂરતિ સુંદર સાર ।
સરસતી માત પસાઉલિઇ, થુણુસિઉં **હીરવિહાર** ॥ ૮ ॥

ઢવણી

**હીરવિહાર** તીર્થ ભલું એ, **પાટણુ** નયર મઝારિ તો,
**રાજનગરિ** વલી પાદુકા એ, **થંભનયરિ** સુવિશાલ તુ ॥ ૯ ॥
**સૂરતિ** નયર સાહામણું એ, જિહાં સંઘ છઇ સુવિચાર તો ।
જિનગુરુ આણુ શિરઇં ધરઇ એ, સમકિત રયણુ ભંડાર તો ॥ ૧૦ ॥
શીલઇં થૂલભદ્ર જાણી ઇં એ, બુદ્ધિઇં અભયકુમાર તો ।
લબ્ધિઇં ગૌતમ અવતર્યો એ, રૂપઇં નાગકુમાર તો ॥ ૧૧ ॥
વાચક **નેમિસાગર** વરુ એ, તેહ તણુઇ ઉપદેશ તો ।
**હીરવિહાર** મંડાવીઉ એ, સંઘ મનિ હર્ષ વિશેષ તો ॥ ૧૨ ॥
**નિજામપુર** પૂરવદિશિં એ, દિનકર જિહાં ઊગંત તો ।
વિત વાવઇં વ્યવહારીઆ એ, આણી હર્ષ મહંત તો ॥ ૧૩ ॥
સંવત સોલ ત્ર્યહોત્તર ૧૬૭૩ એ, પોસમાસ સુવિચાર તો ।
વદિ પંચમી દિન નિર્મલો એ, શુભ વેલા ગુરુવાર તો ॥ ૧૪ ॥
પંડિત **લાભસાગર** વરુ એ, અભિનવો ધનો અણુગાર તો ।
કરીઅ પ્રતિષ્ટા નામ દીઇ એ, સુંદર **હીરવિહાર** તો ॥ ૧૫ ॥

ઢવણી

**હીરવિહાર** મનોહર દીસઇ, પેષત સુરનર નામ નહીં સઇ
અમર ભવન સમજાણીઇ એ ॥ ૧૬ ॥
વતુર પણુ ઇ વલી ચઉક નીવાઈ, દેખત ભવિજન હર્ષ જ થાઇ
રાણુપુરની માંડણી એ ॥ ૧૭ ॥
કારીગર તિહાં કામ ચલાવઈ, ચઉરંસિઇ વેદિકા સુહાવઇ
પાદુ પીઠિકા જિનતણી એ ॥ ૧૮ ॥
ગુણુવંત ગજધર બઇઠા નિશિદિનિ, કોરણી કામ નીપાઇ એકમની
થંભ સાગ સીસમતણા એ ॥ ૧૯ ॥
જાલી અતિસુકુમાલી સોહઇ, સુંદર મહલ પેષત મન મોહઇ
ગોમટિ કલશ કનકતણા એ ॥ ૨૦ ॥
શિખરિઇ દંડ ધ્વજા અતિ લહઇકઇ, સુંદર કુસુમ ગંધ અતિ બહકઇ
ચિત્રામણુ સોહામણા એ ॥ ૨૧ ॥
નવ ગોમટ નવનિધિ સુખકાર, નલની ગુલમ સમ **હીરવિહાર**,
તીર્થ મહિમા અતિ ઘણો એ ॥ ૨૨ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢાલ ફાગની

પારિખિ લાલા સુત ભલો ગોવિંદ પારિખિ સુજાણુ ।
વિત વાવઇ હરખિઇ કરી જિનવરની વહઈ આણુ ॥ ૨૩ ॥
સાહ સોમજીનો સુત ભલો શુભ નામિઇં વસ્તુપાલ ।
હીરજેસિંગની[1] પાદુકા થાપના હુઈ સુવિશાલ ॥ ૨૪ ॥
સંવત સોલ પંચોતરઇ (૧૬૭૫) વૈશાખ માસ સુવિચાર ।
અષ્ટમી દિન ઊજલ ભલો શુભ વેલા રવિવાર ॥ ૨ ॥
વાચક માંહિ શિરોમણિ રત્નચંદ્ર ઉવઝાય ।
કરિઅ પ્રતિષ્ઠા અતિ ભલી સંઘમનિ આણંદ થાય ॥ ૨૬ ॥
સા નાન્હા વિત વાવરઇ ઉલટ આણી અંગિ ।
પાદુકા ત્રિણિ વાચક તણી થાપના હુઈ મનિરંગિ ॥ ૨૭ ॥
સંવત સોલ છહુત્તરઇ (૧૬૭૬) પોષ માસ સુપ્રસિદ્ધ ।
પૂનિમ દિન રળિઆમણો હુઇઇ પ્રતિષ્ઠા સિદ્ધિ ॥ ૨૮ ॥
દાસી ભીમ હરખિંઈ કરી ધનખરચઇ મનરંગિ ।
દોઈ મૂરતિ એક પાદુકા થાપના હુઈઇ સુચંગ ॥ ૨૯ ॥
સંવત સોલ છહુત્તરિ જ્યેષ્ટ શુદિ ચઉથિ ગુરુવાર ।
કરિઅ પ્રતિષ્ઠા હર્ષસ્યું મૂરતિ ત્રિણિ ઉદાર ॥ ૩૦ ॥
હીરવિહારઈ હર્ષસ્યિઉં ઉલટ આણી અંગિ ।
ધન તે શ્રાવક શ્રાવિકા વિત વાવઇ મનરંગિ ॥ ૩૧ ॥
સુવિહિત તપગચ્છ નાયક દાયક શિવપદ સાર ।
એ તીર્થમહિમા ઘણો નિતુ બંદઈ નરનારિ ॥ ૩૨ ॥
તીર્થનિંદા જે કરઇ કુમતિ શિરોમણિ જાણિ ।
હીરવિહાર ઉથાપસ્યિઇ ભમસ્યિઇ ચ્યારઈ ખાણિ ॥ ૩૩ ॥

ઢાલ માલ્હંતડેની

ત્રિણિ ચઉવીસી પ્રણમસ્યિઉં એ માલ્હંતડિ
બિહુત્તરિ જિનવર દેવ, વીરપટોધર ગાયસ્યું એ માલ્હંતડિના
સુરનર કરઇ તસ સેવ
સુણઉ સુંદરિ સુરનર કરઈ તસ સેવ ॥ ૩૪ ॥
સાગર નામિઈ જિન હુ...............

1. હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# दिगम्बर शास्त्र कैसे बनें?

लेखक—मुनिराज श्री दर्शनविजयजी

( प्रथम वर्ष के अंक ११ से आगे )

## प्रकरण ७ कुन्दकुन्दाचार्य

आवश्यकनिर्युक्ति, उत्तराध्ययनसूत्र और विशेषावश्यक-भाष्य वगैरहकी वृत्ति से पाया जाता है कि—"वीरनि० सं० ६०९ यानी विक्रम सं० १३९ में दिगम्बर मत चला। इस मत को चलाने वाले शिवभूति नामक मुनि थे। शिवभूति मुनि नग्न रहते थे! संभव है कि पीछी व कमण्डलु का स्वीकार बाद के दि० मुनिओंने किया हो। उनके दो शिष्य थे: १ कौडिन्य[४६] और २ कोट्टवीर। ये कौडिन्य ही दिगम्बर समाज के प्रधान आचार्य कौण्डकुन्द हैं। उपर्युक्त शास्त्रों के अनुसार आपका समय विक्रम की दूसरी शताब्दी का मध्ययुग है। मुनि शिवभूतिजीने "श्री संघ" के (जैन संघ के) प्रतिपक्ष में एक नये संघ की स्थापना की, और वह संघ प्राचीन है ऐसा भ्रम फैलाने के लिये उस संघ का नाम रक्खा गया **मूलसंघ**।

कौण्डकुन्दाचार्य मूलसंघ के प्रधान पुरुष हैं। आज लाखों की संख्या में विद्यमान दिगम्बर समाज आपकी ही बदौलत है यानी मूलसंघ (दिगम्बर) के साधु, साध्वी, श्रावक और श्राविका की परंपरा आपकी ही संतान हैं। आपने आचारांगसूत्र आदि के प्रतिपक्ष में व दिगम्बर मान्यता के पक्ष में कई ग्रन्थ बनाये जो उपलब्ध हैं।

यदि शिवभूतिजी और भूतबलीजी को एक मान लिया जाय तो प्रतीत होता है कि कुमार–दक्षिण में आ० पुष्पदंत से दीक्षित होनेवाला भानजा ( भागीनेय ) ही कौण्डकुन्द होंगे। इस मान्यता के अनुसार "आ० पुष्पदंत व आ० भूतबलीजीने "कर्म्मप्राभृत" (षट्खंडागम) रचा, और आ० कौण्डकुन्दने उन आगमों की पहली–टीका की" इस ऐतिहासिक घटना का भी समन्वय हो जाता है।

---

४६. जैसे काश्यप, नायपुत्त, गौतम, गांधीजी, नहेरु, पटेल, देहलवी, बोडादकर, भावनगरी वगैरह उपनाम हैं, कौडिन्य भी वैसा ही उपनाम हो तो कोई आश्चर्य नहीं। प्राचीन गोत्रो में एवं शहेरों में "कौडिन्य" नाम का पता लग सकता है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आ० कौण्डकुन्द दिगम्बर समाज के आदिम पुरुष हैं अतः दिगम्बर ग्रन्थकारों को आपके जीवन पर कुछ प्रकाश डालना आवश्यक था, मगर खेद की बात है कि—दिगम्बर साहित्य इस सम्बन्ध में मूक-सा ही है। दिगम्बर ग्रन्थकारों ने अपनी गुरु-परम्परा में उन बडे बडे आचार्यों के नाम लिख दिये हैं जिन की बहुतसी जीवन घटनायें श्वे० पक्ष में उपलब्ध हैं। किन्तु उनके माता, पिता, गच्छ, गुरु, शिष्य और संवत् का विश्वस्त परिचय नहीं दिया। मुमकिन है कि उनके जीवन-परिचय की अधिक स्पष्टता करने में उन्हें श्वेताम्बर पक्ष अधिक पुष्ट होजाने का डर हो। कुन्दकुन्दाचार्य का विशद-चरित्र अनुपलब्ध होनेका भी यही कारण है।

किंग एडवर्ड कॉलेज-अमरावती (C. P.) के संस्कृत के प्रॉफेसर हीरालालजी (दि०) जैन भी यही शिकायत करते हैं कि:-"दुर्भाग्यतः किसी भी लेख में उपर्युक्त श्रुतज्ञानियों और कुन्दकुन्दाचार्य के बीच की पूरी गुरु-परंपरा नहीं पाई जाती। (पृष्ट—१२७)

"इन्द्रनन्दीकृत श्रुतावतार के अनुसार कुन्दकुन्द उन आचार्यों में हुवे हैं जिन्होंने अंगज्ञान लोप होने के पश्चात् आगम को पुस्तकारूढ किया। (पृष्ट—१२८)

"कुन्दकुन्दाचार्य जैन इतिहास में—विशेषतः दिगम्बर जैन सम्प्रदाय के इतिहास में महत्त्वपूर्ण पुरुष हुए हैं। वे प्राचीन और नवीन संप्रदाय के बीच की एक कडी हैं। उनसे पहले जो भद्रबाहु आदि श्रुतज्ञानी हो गये हैं उनके नाम मात्र के सिवाय उनके कोई ग्रन्थ आदि हमें अबतक प्राप्त नहीं हुए हैं। कुन्दकुन्दाचार्य के कुछ प्रथम ही जिन पुष्पदंत भूतबली आदि आचार्योंने आगमों को पुस्तकारूढ किया उनके भी ग्रन्थों का अब कुछ पता नहीं चलता।" (पृष्ट—१२९)

—जैन-शिलालेख-संग्रह-भूमिका, आचार्यों की वंशावली-पृष्ठ १२७ से १२९।

मुमकिन है कि—इस गुरु-परंपरा का संबन्ध कुछ आजीविक मत, जिसका इतिहास हम प्रारम्भ में बता चुके हैं उससे हो, अतः इन ज्ञानियों के जीवन-सम्बन्ध यथार्थ न लिखे गये हों। कुछ भी हो, किन्तु इतना तो कहना होगा कि दिगम्बर ग्रन्थकारोंने अपने आचार्यों के जीवनचरित्र-बनाने में सर्वथा लापरवाई से काम लिया है।

दिगम्बर ग्रन्थों में संदिग्ध या असंदिग्ध जो कुछ कुन्दकुन्दाचार्य का चरित्र उपलब्ध है सो निम्न प्रकार है—

(१) **कुन्दकुन्दाचार्य** के भिन्न भिन्न नाम:—

१—**कौण्डकौंडिन्य**—यह नाम जन्मभूमि से सम्बन्ध रखता है। कोण्ड+कौंडिन्य। कौण्डकुन्द, कुन्दकुन्द ये इसीके संस्कारित रूपांतर हैं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



२—**पद्मनंदी**—ऐसा कहा जाता है कि—"सकषायप्राभृत" और "कर्म्मप्राभृत" पर आ० पद्मनंदीने सब से पहले टीका बनाई थी। आ० पद्मनंदी आ० कुन्दकुन्द का दूसरा नाम मात्र है।

षड्भाषाकविचक्रवर्ति दि० आ० भूषणसूरि ने संस्कृत प्रतिबोधचिन्तामणि में ग्रन्थ के प्रारंभ में कुन्दकुन्दाचार्य की कथा में बताया है कि—

पद्मनंदी नाम का एक हिंसक कापालिक था। उसका अपर नाम कुंदकुंद चक्रवर्ति भी बतलाया जाता है। वह गलेमें शिवलिंग पहनता था और हाथ में मयूरपिच्छ रखता था। मूलसंघ के उत्पादक आचार्य पद्मनंदी याने कुन्दकुन्द भी नग्न रहते थे, मयूरपिच्छ रखते थे। बाद में आपने उस हिंसक कापालिक की मयूर-शृङ्गी संज्ञा रख दी। थोडे अरसे में आपका नाम भी "गृद्धपिच्छ" जाहिर हुआ। आपके गुरु का नाम अनंतकीर्ति है। आपका समय वि० सं० ७५३ का है।

—जैन गजट, वर्ष १४, अंक २५, के अनुसार

—श्वेताम्बरमतसमीक्षा–दिग्दर्शन, पृष्ठ–९८

श्रवणबेलगोल के शिलालेखों में भी कुन्दकुन्दाचार्य का दूसरा नाम पद्मनंदी उत्कीर्ण है।[४७]

३—**एलाचार्य**,[४८] ४—**वक्रग्रीव**—न मालूम ये दोनों नाम लाक्षणिक हैं या सामान्य हैं।[४९]

५—**गृद्धपिच्छ**—इस नाम के लिये कहा जाता है कि—

"कुन्दकुन्दाचार्यस्य महाविदेहगमने नभश्चारेऽन्तरा पिच्छिका पतने गृद्धपिच्छपिच्छिका-ग्रहणात् गृद्धपिच्छ इति नाम।" (किसी समय) कुन्दकुन्दाचार्यजी महाविदेह क्षेत्र में जा रहे थे। आकाश में जाते जाते आपकी मोरपिच्छिका गिर गई अतः आपने गीधके पिच्छ उठाकर बगल में रक्खे और आगे चल दिये, अतः आप गृद्धपिच्छ नाम से ख्यात हुए।

—(दर्शनप्राभृतवृत्ति)

---

४७ दिगम्बरसमाज में पद्मनंदी नाम के अनेक आचार्य हुए हैं—

१–कुन्दकुन्द, २–चन्द्रप्रभशिष्य, ३–त्रैवेद्यदेवशिष्य, ४–नयकीर्तिशिष्य ५–शुभचन्द्रशिष्य, त्रिराशिक–पद्मनंदी, वगैरह।

४८ एलाचार्य नामके अनेक दि० आचार्य हुए हैं—

१–कुन्दकुन्द, २–वीरसेनाचार्य के ज्ञानगुरु, ३–ज्वालामालिनी स्तोत्र के रचयिता भट्टारक। कल्पसूत्र में श्री महागिरि और श्री सुहस्तिसूरि का एलापत्य गोत्र बताया है।

४९ दिगम्बर समाज में ३ वक्रग्रीवाचार्य हुए हैं—

१–कुन्दकुन्द, २–सिंहनंदीशिष्य, ३–अकलंकदेवशिष्य।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इस प्रमाण से पाया जाता है कि—कुन्दकुन्दाचार्य ने गृद्धपिच्छ का नया लिंग चलाया है। असल में जैनश्रमण वस्त्र, पात्र के धारक थे। मुनि शिवभूतिजी के संप्रदाय ने ममत्व के बजाय वस्त्र–पात्र को ही परिग्रह माना और एकांत नग्नता स्वीकार की। किन्तु इन जैनश्रमणों और इतर दर्शन के नग्न साधु में कुछ फर्क न रहा, अतः परिचय के लिये लिंग-भेद की आवश्यकता थी इस लिये कुन्दकुन्दाचार्यजीने मोरपिच्छिका स्वीकार की।

कितनेक दिनों के पश्चात् आ० कुन्दकुन्द की मोर-पिच्छी गुम हो गई और उन्होंने सहसा गृद्ध के पिच्छ से मोरपिच्छ का स्थान पूरा कर दिया। यह देखकर लोगोंने प्रश्न किया कि–आपने यह क्या किया? आचार्यजी ने उत्तर दिया कि—"मैं श्री सीमंधर स्वामीजी के पास में जाता हूं। अकस्मात् रास्ते में मोरपिच्छी गिर गई अतः मैंने यह पिच्छिका स्वीकार ली, इसमें बेजा क्या है? इसे रखने में भगवान् सीमंधर स्वामी की सम्मति है, इत्यादि। किंन्तु इस उत्तर से सब लोगों को संतोष न हुआ और किसीने यह बात सच्ची मानी किसीने न मानी। किन्तु इतना तो अवश्य हुआ कि लोगों ने आपका नाम "गृद्धपिच्छ" रख दिया। [५०]

कुन्दकुन्दाचार्य की सन्तान में मयूरपिच्छ, गिद्धपिच्छ, बलाकपिच्छ, चंवर–पिच्छ इत्यादि कई लिंग भेद हैं। और सब अपने अपने बाह्य लिंग को अच्छा मानते हैं!

## (२) कुन्दकुन्दाचार्यकी अनिश्चित गुरुपरंपरा:—

१–श्रुतकेवली श्री भद्रबाहु स्वामी–शिष्य श्री चंद्रगुप्तसूरि–शिष्य कुन्दकुन्दाचार्य। देखिये प्रमाण—

तस्यान्वये भूविदिते बभूव, यः पद्मनंदी प्रथमाभिधानः
श्रीकौण्डकुन्दादिमुनीश्वराख्यः, सत्संयमादुद्गतचारणर्धिः ॥

—श्रवणबेलगोल-शिलालेख नं० ४०, श्लोक ६ शक संवत् १०८५

वन्द्यो विभुर्भुवि न कैरिह कौण्डकुन्दः,
कुन्दप्रभाप्रणयिकीर्तिविभूषिताशः।
यश्चारुचारणकराम्बुजचंचरीक—
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम् ॥

—श्र० शि० नं० ५४, श्लोक ५, शकसंवत् १०५०

तदीयवंशाकरतः प्रसिद्धादभूददोषा यतिरत्नमाला।
बभौ यदन्तर्मणिवन्मुनीन्द्रः स कुण्डकुन्दोदितचण्डदंडः ॥

—श्र० बे० शि० नं० १०८, श्लोक १०, शक संवत् १३५५

५० "गृद्धपीछ" ऐसा अनशन का भी एक भेद है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यहां कुन्दकुन्दाचार्य को मौर्य–चन्द्रगुप्त–मुनि के शिष्य बताये हैं, किन्तु मौर्यचन्द्रगुप्त ने जैन दीक्षा हो नहीं ली जैसा कि हम आगे लिख चुके हैं। इसके अतिरिक्त और और स्थानों में आ० कुन्दकुन्द को द्वीतीय भद्रबाहु के शिष्य माने हैं, अतः इन लेखों के अनुसार आपको द्वितीय भद्रबाहुस्वामी के शिष्य चन्द्रगुप्त (गुप्तिगुप्त) सूरि के शिष्य मानना चाहिये।

२—भगवान् महावीरस्वामी के शासन में आ० कुन्दकुन्द हुए, जैसे—

**श्रीमतो वर्द्धमानस्य, वर्द्धमानस्य शासने।**
**श्रीकोण्डकुन्दनामाऽभून्मूलसंघाग्रणी गणी॥**

—श्र० बे० शि० नं० ५५, श्लोक ३, शक सं० १०२२
—श्र० बे० शि० नं० ४९२, श्लोक ११, शक सं० १०१५

चतुर्थपादे—चतुरंगुलचरणः॥

—श्र० बे० शि० नं० १३९, श्लो० २, शक सं० १०४१

३—दि० आचार्य वीर की परंपरा में आ० कुन्दकुन्द हुए, जैसे

—श्र० बे० शि० नं० १०८ श्लोक–१३. शक सं० १३२०

४—श्री गौतमस्वामी की परंपरा में नन्दीगण, जिसकी व्यवस्था आचार्य अर्हद्बली या आ० अकलंक ने की है उस में आ० कुन्दकुन्द हुए।

**श्री पद्मनंदीत्यनवद्यनामा, ह्याचार्यशब्दोत्तरकोण्डकुन्दः।**
**द्वितीयमासीदभिधानमुद्यच्चरित्रसंजातसुचारणर्द्धिः॥**

—श्र०बे०शि०नं० ४२, ४३, ४७, ५०, श्लोक–४,
शक संवत् १०९९, १०४५, १०३७, १९३८

५—द्वितीय भद्रबाहु–शिष्य गुप्तिगुप्त–शिष्य माघनन्दी–शिष्य जिनचंद्र के शिष्य आ० कुन्दकुन्द हुए।

—नंदीसंघ की पट्टावली

६—आचार्य कुन्दकुन्द द्वितीय भद्रबाहु के शिष्य हैं।

—"स्वामी समंतभद्र" (हिन्दी)

७—आ० अर्हद्बली–माघनन्दि–धरसेन–पुष्पदंत–परंपरागत आ० भूतबली के शिष्य आ० कुन्दकुन्द हुए।

—"स्वामीसमंतभद्र पृष्ट–१३, १६९, १६४, १८५, १८८

८—प्रतिबोधचिन्तामणि में उल्लेख है कि आ० कुन्दकुन्द अनन्तकीर्ति के शिष्य थे।

—जैन गज़ट, १४–१५

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



९—ज्ञानप्रबोध का "खंडेलवाल—उत्पत्ति" प्रकरण जाहिर करता है कि जिनसेनसूरि (महापुराण के रचयिता)—शिष्य गुणभद्रजी—शिष्य जिनचंद्रसूरि—शिष्य कुन्दकुन्दाचार्य। देखिए—

चेला श्रीगुणभद्रजी, गुरु आज्ञाकैं धार ॥
आदि अंत तक सब कथा, रचदीनी विस्तार ॥ १५ ॥
तिनहीका परिपट्टमें, सबमुनिका सरदार ॥
भये मुनि जिनचंदजी, संयमपालन हार ॥ १६ ॥
शिष्य भये तिनके सही, कुन्दकुन्द मुनिराज ॥
ध्यानिनमें उत्तम भये, जैसे सिरके ताज ॥ १८ ॥

—श्रीयुत् नाथुराम प्रेमीकृत, विद्वद्रत्नमाला, पृष्ट–४

### (३) आ० कुन्दकुन्दकी असंकलित शिष्यपरंपरा—

१—आ० कुन्दकुन्द के वंश में आ० उमास्वाति हुए। उनका शिष्य बलाकपिच्छ हुआ।

—श्र० बे० शि० नं० ४०, ४२, ४७, ५०, १०५, १०८

ये सभी शिलालेख इस विषय में एकमत हैं कि—आ० उमास्वाति आ० कुन्दकुन्द के शिष्य नहीं थे। किन्तु उनकी परंपरा में—वंशोद्भव थे। किसी भी लेख में शिष्य शब्द लिखा नहीं है। और बलाकपिच्छ को आ० उमास्वाति के शिष्यरूप से स्पष्ट लिखा है।

२—आ० कुन्दकुन्दका वंश—क्रम इस प्रकार है :—

भगवान् महावीर—गौतमस्वामी—सुधर्म्मस्वामी—जम्बूस्वामी—विष्णु—अपराजित—नन्दिमित्र—गोवर्द्धन—भद्रबाहुस्वामी—क्षत्रिय—प्रोष्ठिल—गंगदेव—जय—सुधर्म—विजय—विशाख—बुद्धिल—धृतिषेण—नाग—सिद्धार्थ—नक्षत्र—पाण्डु—जयपाल—कंसाचार्य—द्रुमषेण—लोह—सुभद्र—जयभद्र—यशोबाहु (भद्रबाहु स्वर्गगमन वीरनि० सं० ६८३) कुम्भ—विनीत—हलधर—वसुदेव—अचल—मेरुधीर—सर्वज्ञ—सर्वगुप्त—महिधर—धनपाल—महावीर—वीर—कोण्डकुन्द—उमास्वाति (न कि—उमास्वामी)—गृद्धपिच्छ (द्वितीय नाम बलाकपिच्छ)—समन्तभद्र—शिवकोटि—देवनन्दी—जिनेन्द्रबुद्धि—पूज्यपाद—भट्टाकलंक—जिनसेनसूरि (पुराण-कर्ता)—गुणभद्र (महापुराण-कर्ता)—पुष्पदंत और भूतबली (कर्म्मप्राभृत—षडखंडागम के रचयिता)—अर्हद्बली (आपने सेनसंघ नन्दिसंघ—गण वगैरह के भेद किये) इत्यादि।

—श्र० बे० शि० नं० १०८ श्लोक ७ से २७, शकसं० १३२०

क्रमशः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચંદ્રાવતી

લેખક :
મુનિરાજ શ્રી ન્યાયવિજયજી

આબુનાં જગવિખ્યાત કળામય જૈનમંદિરો બનાવનાર મહામંત્રી વિમલની સુપ્રસિદ્ધ નગરી ચંદ્રાવતીનો વૈભવ, મહત્તા અને પ્રતિષ્ઠા કોઈ પણ સુશિક્ષિત જૈનથી ભાગ્યે જ છુપી હશે. ચંદ્રાવતીને જૈન ઈતિહાસમાં જે અનુપમ માન મળ્યું છે એ માત્ર તે ધનવાનોની અલકાપુરી હતી માટે જ મળ્યું છે એમ નહિં કિન્તુ ત્યાંના નિવાસી ધનકુબેર જૈનોની ઉજ્જવલ ધર્મભાવના, દૃઢ ધર્મ શ્રદ્ધા અને અપૂર્વ ઉલ્લાસમય સાધાર્મિક પ્રેમથી ચંદ્રાવતી અમર થઈ છે. જૈનધર્મના ઈતિહાસમાં ત્યાગી સાધુઓએ એ નગરીની યશોગાથા સુવાર્ણાક્ષરે આલેખી છે. એવું અનુપમ માન બીજી નગરીઓને બહુ જ થોડું મળ્યું છે.

આ ભાગ્યશાલી નગરી માટે એક કિંવદન્તિ ચાલે છે કે આ નગરીમાં કિલ્લાની અંદર ૩૬૦ કોટી ધ્વજો વસતા, અને અલ્પ ધનવાળાઓ અને બીજી વસતી કિલ્લા બહાર વસતી, પરંતુ આ ધનકુબેર જૈન શ્રીમંતોની એવી દૃઢ પ્રતિજ્ઞા હતી કે કોઈ પણ જૈન દુઃખી કે સાધનહીન આવે તો ચંદ્રાવતીમાં એ દુઃખી કે સાધનહીન ન રહે. અર્થાત્ ત્યાંના શ્રીમંત જૈનો પોતાના સહધર્મીનું દુઃખ મિટાવી તેને સાધન સંપન્ન બનાવતા, એટલું જ નહિ કિન્તુ આજનો દુઃખી કે સાધનહીન જૈન એવો તૈયાર થઇ જતો કે બીજે જ દિવસે બીજો કોઇ દુઃખી જૈનબન્ધુ આવે તો તે તેને મદદ કરી પોતાના જેવો સાધન સંપન્ન બનાવી શકે. આજે પણ જૈન મુનિવરો સાધાર્મિક વાત્સલ્યમાં ચંદ્રાવતીના દાનવીર જૈનોનું ઉદાહરણ જૈનોને–જૈનસંઘને અવારનવાર સંભળાવે છે.

આ નગરીમાં જેમ અનેક કોટી ધ્વજો વસતા તેમ ગગનચુમ્બી ભવ્ય જિનમંદિરો પણ વિપુલ સંખ્યામાં હતાં, અને ત્યાંના શ્રીમંત જૈનો ખૂબ જ વૈભવપૂર્વક પાલખીમાં બેસી નિરંતર જિનવરેન્દ્રનાં દર્શન પૂજન કરવા આવતા. એવી અનેક ભૂતપૂર્વ ઘટનાઓથી ચંદ્રાવતી આજે ય અમર છે.

ઉપદેશ સપ્તતિમાં વિદ્વાન જૈન સાધુ સોમધર્મ કથે છે કે "ચંદ્રાવતીમાં ૪૪૪ અર્હતપ્રાસાદો–જિનમંદિર હતાં" આ ઉલ્લેખ ચંદ્રાવતીના વૈભવને અને ધર્મ-ભાવનાને બતાવવા કાફી પ્રમાણરૂપ છે.

સંસાર પરિવર્તન શીલ છે. ચઢતી અને પડતી, તડકો ને છાંયો સદાયે ચાલ્યા જ કરે છે. જ્યાં એકવાર અનેક જન સમૂહથી ભરેલાં, શ્રી અને ધીથી શોભતાં, આલેશાન બંગલાઓ અને રાજમહેલોથી અલંકૃત મોટાં મોટાં નગરો હતાં ત્યાં આજે શૂન્ય નીરવ જંગલો અને અરણ્યો નજરે પડે છે. અને જ્યાં ભયપ્રદ સ્મશાનો હતાં, ઘોર જંગલો અને અરણ્યો હતાં ત્યાં અલબેલી નગરીઓ વસેલી જોવાય છે. કુદરતની સૃષ્ટિ જ કોઇ અલૌકિક છે. આજે ચંદ્રાવતી નિરવધિ કાલના જડબામાં પીસાઇ ગયું છે; એ શ્રી અને ધીથી ભરેલું, ગૂજરાતનું પ્રવેશદ્વારસમું મહાનગર આજે વેરાન જંગલ થઇ ગયું છે. ત્યાં આજે મનુષ્યોને બદલે પશુઓ ફરે છે, બાળકોના કિલકિલાટને બદલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંદરાઓના શબ્દો કાને પડે છે, બાલકોના રુદનના અવાજને સ્થાને શિયાળીયાના રુદનના બિહામણા અવાજો સંભળાય છે અને જિનમંદિરોના મનોહર ઘંટાનાદોને બદલે પવનના સુસવાટાના ધમધમ્-ધોં ધોં અવાજો સંભળાય છે. ત્યાંની વિશાલ મ્હેલાતો ભૂમિ માતાના વિશાલ ઉદરમાં સમાઈ ગઇ છે. ચંદ્રાવતીના અસ્તિત્વને સિદ્ધ કરનારાં ગગન-ચુમ્બી ભવ્ય જિનમંદિરોનાં માત્ર ખંડેરો જ અત્યારે વિદ્યમાન છે જેથી આપણને ચંદ્રાવતીના અસ્તિત્વનું, તેની મર્યાદાનું અને તેના ગૌરવનું ભાન થાય છે.

આબુથી અમદાવાદ જતી રેલ્વેના પાટા રસ્તે આબુથી ચાર માઇલ દૂર ચંદ્રાવતી નદીનો પૂલ આવે છે (ત્યાં બોર્ડ ઉપર ચંડાવલી ઇંગ્લીશમાં લખ્યું છે). એ પૂલની શરુઆતમાં જ તેની બન્ને બાજુ જૈનમંદિરનાં શિખરો, સ્થંભો, બીજાં અનેક પુતળાં તથા મંદિરનાં અન્યાન્ય વિભાગના ટુકડા પડયાં છે. સાધુસંમેલન માટે દિલ્હીથી અમદાવાદ જતાં અમે આબુથી વિહાર કર્યો ત્યારે અમે રેલ્વે પાટે ચાલતા હતા, અને તે વખતે ચંદ્રાવતી (ચંડાવલી) નદીનો પૂલ ઓળંગતા જૈનમંદિરના શિખરનાં ટુકડા, ગુમ્બજો અને મોટા મોટા ખંભા જોયાં હતાં. ત્યાં થોડો સમય રોકાઇ વ્યવસ્થિત રીતે નિરીક્ષણ કરવાની ભાવના હતી પણ સંમેલનના રહ્યાસહ્યા અલ્પ સમયે અમને તેમ કરતાં રોકયા, અને ચંદ્રાવતીના નિરીક્ષણની ઉત્કટ ભાવનાને દબાવી અમે આગળ વધ્યા. પરન્તુ અમને ખાત્રી હતી કે પાછા આ રસ્તે જતાં ચંદ્રાવતી જરુર જોઈશું. બે વર્ષના ગાળા પછી અમે પુનઃ આ રસ્તે નીકળ્યા અને પ્રાચીન ચંદ્રાવતી નગરીનાં દર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

**વર્તમાન પરિસ્થિતિ**—ચંદ્રાવતીના પુલથી જ નીચે ઉતરતાં ભવ્ય જિનમંદિરનાં શિખરો જોવામાં આવે છે. અમે બન્ને વિભાગમાં વ્હેંચાઈ જઈ નિરીક્ષણ કરવા માંડયું. બન્ને વિભાગનું એક મોટું બાવાન જિનાલયનું અમદાવાદની હઠીભાઇની વાડી કરતાં યે મોટું જિનમંદિર હશે અને વચ્ચેથી રેલ્વે લાઇન નીકળી હશે. રેલ્વેની બન્ને બાજુ લગભગ સરખા વિભાગમાં મંદિરનાં ખંડેરો પડયાં છે. કહેવાય છે કે જ્યારે શરુઆતમાં રેલ્વે નિકળી ત્યારે એક ગુડઝ ભરીને અહીંથી જિનમંદિરોનાં મકરાણાનાં સુંદર પત્થરો કલામય સ્થંભો, શિખરો, મનોહર તોરણો, જાળીયાં અને સુંદર પુતળાં લઇ જવામાં આવ્યાં હતાં.[1] છતાં આજે કેટલાક થાંભલાના ટુકડા, પુતળાં, નાની મોટી દેરીઓનાં

૧. આ વિષયમાં પ્રસિદ્ધ ઈતિહાસકાર કર્નલ ટોડ નજરે જોઈને લખે છે: "આ વખતે અહીં એક પણ મંદિર સારી સ્થિતિમાં વિદ્યમાન નથી. અહીંનો રહેવાસી એક વૃદ્ધ રાજપુત મને મળ્યો. સં. ૧૯૪૪ (ઈ. સ. ૧૮૮૮) માં મેં એ રાજપુતને અહીંના મંદિરો વિષે પૂછયું ત્યારે એણે કહ્યું કે 'આ (રાજપુતાના માલવા રેલ્વે) નીકળવા પહેલાં તો અહીં આરસનાં બનેલાં ઘણાં મન્દિરો વિદ્યમાન હતાં. પરન્તુ જ્યારે ઠેકેદારોએ અહીં પડેલા પત્થરો ઉઠાવી જવાનો ઠેકો લીધો ત્યારે તેઓ ઉભેલાં મંદિરોના ખંભા અને પત્થરો તોડી લઈ ગયા. ઘણાં મંદિરોને તોડી નાંખ્યાની તથા પત્થરો ઉપાડી ગયાની વાત સ્ટેટને ખબર પડતાં એ પત્થર લઈ જવાનું કામ બંધ કરાવ્યું. પત્થર બહાર જતા રોકવામાં આવ્યા જેથી ઠેકેદારોએ એકઠા કરેલા પત્થરો-મંદિરના ખંભા વગેરે આજે દેખાય છે. ચંદ્રાવતી અને માવલની વચ્ચે કયાં કયાં પડેલા મંદિરના પત્થરના ઢગલા—ટીંબા દેખાય છે.' આવી રીતે આ પ્રાચીન નગરીના મહત્ત્વનો ખેદજનક અંત આવ્યો."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોહર શિખરો, ગુમ્બજોના ટુકડા, સુંદર કારીગરીવાળાં જાળીયાં અને તોરણો પડ્યાં છે, તેમ જ નાનામોટા વિવિધ પ્રસ્તરો નજરે પડે છે. તે જોતાં અહીં કેવાં સુંદર કળામય મંદિરો હશે એની આછી રૂપરેખા આપણી સન્મુખ હાજર થાય છે. મંદિરની આરસપત્થરની કુમ્ભીઓ, ઉમ્બરાઓ, ઉપરની છતના મધ્ય ગુમ્બજો તથા તેમાંનું ચિત્રકામ બધું આરસનું છે. આજે એ એક એક ભાગ બનાવતાં સેંકડો રૂપિયા લાગે અને છતાંયે તેઓની હરિફાઇ કરી શકે એવું કામ થાય કે કેમ એ પણ શંકાસ્પદ લાગે છે.

ચંડાવલી નદીના પુલની બન્ને બાજુ વિસ્તારમાં પથરાયેલું મંદિર નગરના દરવાજા બહારનું વિશાળ જિનમંદિર લાગે છે.

ત્યાંથી થોડે દૂર રેલ્વે પાટે ( આબુ તરફ ) ચાલતાં એક રેલ્વેની જ ઝુંપડી આવે છે. એના ચોકીદારને પૂછ્યું કે ચંદ્રાવતી ક્યાંથી જવાય ? એણે ચંદ્રાવતી જવાનો નાનો રસ્તો બતાવ્યો અને દૂર દેખાતા મંદિરના ટેકરા પણ બતાવ્યા. અમે એ રસ્તે આગળ વધ્યા.

રસ્તામાં થોડે થોડે છેટે ટેકરા દેખાય છે, જેના ઉપર જૈનમંદિરના પત્થરો પડ્યા છે. આવા લગભગ દસથી પંદર ઉંચા મોટા મોટા ટેકરા દેખાય છે, જેમાં વીસથી પચ્ચીસ મંદિરો હશે એમ લાગ્યું. દરેક મંદિરના મધ્ય ભાગો વિદ્યમાન છે, અને દરેકનાં થર નજરે દેખાય છે. હંસથર, ગજથર, સિંહથર, કિન્નરથર, અશ્વથર આદિ વિવિધ આકૃત્તિવાળા થરો વિદ્યમાન છે. સુંદર દૂધ જેવા સફેદ આરસમાં એક હજાર વર્ષ પૂર્વે કોરેલી સુંદર અને મનોહર આકૃતિઓ જાણે હમણાં જ કોઇ કુશળ કારીગરે ઘડેલી હોય એમ દેખાય છે. છેલ્લાં કેટલાંયે વર્ષોથી એ ધૂળથી ઢંકાયેલાં છે છતાંય આરસની ઉજ્જવલતા એવીને એવી જ લાગે છે, અને સેંકડો વર્ષોની આકૃતિ હોવા છતાંયે તાજી જ બનાવેલી ભાસે છે. એકેએક આકૃતિમાં જીવ સિવાય બધુંયે વિદ્યમાન છે. કમળથીય કોમળ અને કલમથીય બારીક ટાંકણાથી એ આકૃતિઓ ઘડવામાં આવી હશે. ઘડીભર ઉભા રહી નિરાંતે એ પુતળાંને અને આકૃતિઓને જોયા કરીયે અને છતાંયે તૃપ્તી ન થાય એવી અજબ કલા એ ચિત્રોમાં ભરી છે.

આ સિવાય શાસનદેવીઓ, બહારનાં પુતળાં, યક્ષરાજો વગેરે પણ કલામય અને વિવિધતાથી ભરપૂર છે. આ સિવાય સ્થાન સ્થાન પર મંદિરના પાયા, મૂલ ગભારા, પ્રભુના અભિષેકજલ નીકળવાની સેરો, નાની નાની દેરીઓનાં શિખરો, જિનપ્રતિમાનાં આસનો વગેરે અનેક વિધ સામગ્રી વિદ્યમાન છે. તેમ જ મંદિરની પાસે વાવો પણ છે. ખરેખર આ બધું જોવા જેવું છે !

ચંદ્રાવતીમાં યક્ષરાજોનાં પુતળાં વિપુલ પ્રમાણમાં મળે છે, તેમાં બ્રહ્મશાન્તિની આકૃતિઓ વધારે પ્રમાણમાં છે; આ ઉપરથી એમ લાગે છે કે અહીં પરમાત્મા શ્રીમહાવીર ભગવાનનાં મંદિરો વિશેષ હશે. અમને તો આ આખા પ્રદેશમાં ભગવાન મહાવીર દેવનાં સ્થાનો વિશેષ જોવામાં આવ્યાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદ્રાવતીનાં ખંડિયેરોમાં ઉપર કહ્યું તેમ શાસન દેવીઓ, યક્ષરાજો, અને બીજાં પુતળાં જોવામાં આવે છે, કિન્તુ જિનવરેન્દ્રની પ્રતિમા ક્યાંય જોવામાં આવી નહિ. કદાચ રહેવા જ દીધી નહિ હોય. આ બધું જોઈ અમે આગળ વધતા હતા ત્યાં એક વિશાલ બાવન જિનાલય જિનમંદિર જોયું. આનાં સ્થંભો, પ્રસ્તરો, જાળીયાં, બ્રહ્મશાન્તિયક્ષ અને અંબિકા દેવીની તેમ જ વિવિધ શાસન દેવીઓની પ્રતિમાઓ વગેરે બહુ જ કળામય અને ચન્દ્રાવતીની કળાને દીપાવે તેવું હતું. તે જોઈ અમે ધીમે ધીમે ખરેડી તરફ જતા હતા. રસ્તામાં બે ત્રણ ટીંબા જોયા. ત્યાં તદ્દન નીચાણમાં એક ટીંબો હતો. ત્યાં નીચે જ —એકદમ આવનાર કોઇ પણ પ્રેક્ષકનું જલ્દી ધ્યાન ન જાય એવે સ્થાને—એક અદ્દ્ભુત કળામય, અદ્વિતીય જિનપ્રતિમાનાં દર્શન કર્યાં.

## ચિત્ર–પરિચય

[ જે એક જ મૂર્તિના ત્રણ ચિત્રો આ અંકમાં આપ્યાં છે તેનું વર્ણન ]

**અદ્વિતીય જિનપ્રતિમા** — હું આ પ્રતિમાને અદ્વિતીય કળામય કહું છું એનું કારણ એ છે કે એક મોટો, જાડો, દળદાર પત્થર લઇ કુશળ કારીગરે એક જ પત્થરની બન્ને બાજુમાં એક સરખી જિનપ્રતિમા બનાવી છે. બન્નેને પરિકર છે, બન્ને બાજુમાં જુદી જુદી એક સમાન આકૃતિવાળી શાસનદેવીઓ છે. ક્ષણભર તો જોનાર ભૂલી જાય કે મેં કઇ બાજુનાં દર્શન કર્યાં છે.

એક જ પત્થરમાંથી બધું ડબલ અને એક જ સરખું તૈયાર કરવું એ કેટલું મુશ્કેલ છે એ તો કોઈ કુશલ કારીગર જ સમજી શકે! જેમ શ્રીતીર્થંકર દેવો સમવસરણમાં બિરાજે છે અને વ્યાખ્યાનપીઠની ત્રણે બાજુ જિનવરેન્દ્રની સમાન જ પ્રતિબિંબ દેવતાઓ રચે છે તેમ એક જ પત્થરની બન્ને બાજુમાં એક સરખી બે જિનપ્રતિમાઓ, પરિકર, યક્ષ અને શાસનદેવીઓ આદિ તૈયાર કરેલ છે. પ્રતિમાજી યદ્યપિ ખંડિત છે–શિર નથી, કિન્તુ શિર હોત તો ઉપરના ભાગમાં મુગુટ આદિ પણ હોત જ, કારણ કે પ્રભુજીના કંઠમાં માળા હશે–છે એ તો અત્યારે પણ દેખાય છે. છાતીમાં શ્રીવત્સ, બાંયે બાજુબંધ અને હાથમાં પણ આભૂષણ છે એટલે પ્રતિમાજી આભૂષણ સહિત જ બનાવેલી છે. અને એ વિશિષ્ટતા આપણને એક વસ્તુ દર્શાવે છે કે પ્રાચીન કાલમાં આભૂષણ સહિત પ્રતિમાઓ બનતી. આ કુદરતી આભૂષણ બહુ જ સુંદર અને મનોહર લાગે છે.

આ મૂર્તિની જમણી બાજુ યક્ષ અને ડાબી બાજુ યક્ષિણીની મૂર્તિ બનેલી છે જે બન્ને બાજુનાં બે ચિત્રો જોતાં જણાઈ આવે છે. યક્ષની મૂર્તિનું ખાસ ચિહ્ન એ મૂર્તિમાં દાઢી સ્પષ્ટ દેખાય છે તે છે અને યક્ષિણીની મૂર્તિ એની છાતીના ભાગથી ઓળખાઈ જાય છે. બીજી પણ કટલીક વિશેષતા છે જ!

મૂર્તિ સંબંધી બરાબર ખ્યાલ આવી શકે તે માટે બન્ને બાજુનાં ચિત્રો આપવાની સાથે સાથે જે તરફનો મૂર્તિ ઉપરનો કમાન જેવો ભાગ તૂટી ગયો છે તે તરફથી—બન્ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂર્તિના ખભા પાસેના વચલા ભાગનું પણ એક ચિત્ર આપ્યું છે. મૂર્તિની પહોળાઈ લગભગ ૫ થી ૬ ફૂટ, ઉંચાઈ ૩ થી ૪ ફૂટ અને પત્થરની જાડાઇ ૧૫ થી ૨૦ ઇંચ જેટલી છે.

આ પ્રમાણે બન્ને તરફ દરેક પ્રકારે સમાનતાવાળી અને સાથે સાથે મોટી મહેરાબ જેવી કમાનવાળી સમાન પરિકર યુક્ત અને સરખાં જ યક્ષ અને યક્ષિણીઓવાળી બીજી કોઈ પણ મૂર્તિ હોવાનું હજુ સુધી જાણવામાં નથી. આવા પ્રકારની મૂર્તિ કયા સ્થાને સ્થાપન કરાતી હશે એ સંબંધી વાસ્તુ–વિદ્યા અને શિલ્પશાસ્ત્રના જાણકારો કંઈક ઊહાપોહ કરશે તો લોકોને ઘણું જાણવાનું મળશે.

આવી કળામય અદ્ભુત પ્રતિમા કોઇએ ખંડિત કરી નાંખેલી છે, છતાંયે જૈન સંઘના સદ્ભાગ્ય છે કે આવી અનુપમ કળામય પ્રતિમા રહી શકી છે જેથી એક અદ્ભુત કળામય જિનપ્રતિમાનાં દર્શન તો થઇ શકે છે.

આ સિવાય બીજા પણ ઘણા ટેકરા અને ટીંબા ઉપર મંદિરના પત્થરો પડ્યા છે. યદ્યપિ મંદિરોનો કિમતી અને મહત્ત્વનો ભાગ તો અહીંથી ઉપડી ગયો છે છતાંયે જે વિદ્યમાન છે તે પણ કાંઇ કમ નથી. પરન્તુ આજે તો એ જિનમંદિરોમાં પશુઓ વાસ કરે છે અને મનુષ્યો છાણાં થાપે છે અને જેને જ્યારે જરૂર લાગે ત્યારે ગમે તેવો સુંદર કળામય પત્થર કે જાળી, શિખર કે પબાસન, થાંભલો કે પ્રસ્તર ગમે તે ભાગને તોડીફોડી વિના સંકોચે લઇ જઇ શકે છે. ચંદ્રાવતી પરમારોની રાજધાની હતી. રાજપુતાના તરફથી ગૂજરાતમાં આવવાનું એ પ્રવેશદ્વાર હતું. જેમ ખૈબરઘાટ વટાવી હિન્દમાં આવતાં પ્રથમ પ્રવેશદ્વાર પેશાવર છે તેમ અરવલ્લી અને આબુના પહાડો વટાવી ચંદ્રાવતી થઇને ગૂજરાતમાં અવાતું. ચંદ્રાવતીની ચોતરફ મોટામોટા પહાડો તેના રક્ષણ માટે કિલ્લારૂપે ચોકી કરતા ઉભા છે. ચંદ્રાવતીની પૂર્વમાં અંબાજીના પહાડો છે, પશ્ચિમ અને ઉત્તર તરફ આબુ ગિરિરાજ છે અને દક્ષિણે પાલણપુર આવ્યું છે. ચંદ્રાવતીથી આબુ ગિરિરાજ જવાનો સિદ્ધો અને તદ્દન ટુંકો છતાંયે સરલ રસ્તો હતો. આબુના જગપ્રસિદ્ધ મંદિરો બન્યાં તે વખતે ચંદ્રાવતીના ટુંકા અને સરલ રસ્તેથી જ બધી સામગ્રી જતી. એ પહાડોને લીધે જ ચંદ્રાવતી અજેય મનાતું. પરંતુ ક્ષણેક્ષણે વિનાશ પામતા—પરિવર્તન પામતા આ જગતમાં કોણ સદાયે એક જ સ્વરૂપમાં ટકી રહ્યું છે કે ચંદ્રાવતી ટકી રહે. આજે ચંદ્રાવતી નાનું ગામડું છે, થોડાં ઝુંપડાં ઉભાં છે. બાકી ચંદ્રાવતીનાં ખંડેરો આજેય ચંદ્રાવતીના ભૂતકાલીન ગૌરવભર્યા ઇતિહાસ ઉપર પ્રકાશકિરણ ફેંકતાં ઉભાં છે. યદિ આ ખંડેરોની પણ સંભાળ નહિ લેવાય તો તે પણ અસ્તવ્યસ્ત થઈ જશે. ચંદ્રાવતીનો ગૌરવવન્તો ઇતિહાસ આગામી અંકમાં આપીશ. તેનો ભૂતકાલીન ઇતિહાસ વાંચતાં સહસા હૃદય દ્રવે છે અને લાગે છે કે ते हि नो दिवसा गताः ।

——:૦:——

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સરસ્વતી-પૂજા અને જૈનો

લેખક–શ્રીયુત સારાભાઈ મણિલાલ નવાબ
( આર્કિયોલોજિકલ ડીપાર્ટમેન્ટ, વડોદરા )

( ગતાંકથી ચાલુ )

**વિભાગ ૧. મૂર્તિઓ** (ચાલુ):—

મૂર્તિ નં. ૧૧–૧૨–૧૩—ગયા જેઠ માસમાં તા. ૭–૬–૩૬ ને રવિવારના રોજ હું વડોદરા રાજ્યના તાબાના સિનોર મુકામે બિરાજતા દક્ષિણવિહારી પૂજ્ય મુનિમહારાજ શ્રી **અમરવિજયજી** તથા તેઓશ્રીના વિદ્વાન શિષ્ય મુનિમહારાજ શ્રી ચતુરવિજયજીને વંદના સુખ શાતા પૂછવા માટે ગયો હતો તે વખતે ઉપાશ્રયની નજીક પગથીઆં ઉતરીને જમવાની વાડી તરફ જવાય છે તે વાડીમાં જતાં પગથીઆં ઉતરતી વખતે મારી નજર પગથીઆં નજીકની ભિંત ઉપર અનાયાસે પડી, અને નજર પડતાં જ ઉપર્યુક્ત મૂર્તિઓ નં. ૧૧–૧૨–૧૩ મારા જોવામાં આવી. ને તે મૂર્તિઓની બારીક તપાસ કરતાં મારા જાણવામાં આવ્યું કે આ ત્રણે મૂર્તિઓ દેવી સરસ્વતીની છે. ભૂતકાળમાં થઈ ગએલા કોઈ સરસ્વતી ભક્તે આ ત્રણ મૂર્તિઓ ભવિષ્યની પ્રજાને ઉપાસના કરવા માટે બનાવરાવી હશે, પરંતુ આજે તે મૂર્તિઓની આવી રીતની દુર્દશા જોઈને કયા સરસ્વતી-ભક્તને દુ:ખ ન થાય ?

આ ત્રણે મૂર્તિઓ ખારા પત્થરની બનેલી છે, અને લાઈનબંધ ભિંતમાં જડી દેવામાં આવેલી છે. દરેક મૂર્તિને ચાર હાથ છે, અને દરેક મૂર્તિઓના ઉપરના જમણા તથા ડાબા હાથમાં કમળનું ફૂલ છે તથા નીચેના જમણા હાથમાં અક્ષસૂત્ર (માળા) તથા ડાબા હાથમાં કમંડલુ છે અને ત્રણે મૂર્તિઓ પદ્માસનસ્થ છે. દરેક મૂર્તિની બાજુમાં એકેક ભક્ત સ્ત્રી પૂજાની ઝારી લઈને ઊભી રહેલી જણાઈ આવે છે. આવી જ–ભિંતમાં જડેલી–એક મૂર્તિનો હું ગયા અંકમાં મૂર્તિ નં. ૩ તરીકે ઉલ્લેખ કરી ગએલો છું.

આ ત્રણે મૂર્તિઓ વિષે તે કયાંથી આવી વગેરે પૂછપરછ કરતાં મને માલુમ પડયું કે સિનોરના પ્રાચીન જૈન દેરાસરનો જીર્ણોદ્ધાર કરતી વખતે આ મૂર્તિઓ કોની છે તે વિષેની બરાબર તપાસ નહિ કરતાં છુટી રખડતી પડી રહી હતી તેનો ઉપયોગ અહીંયાં ભિંતમાં જડી દેવામાં કરવામાં આવ્યો છે. આવી રીતે જૈન દેવ દેવીઓની કેટલી મૂર્તિઓનો દુરુપયોગ થયો હશે તે કોણ કહી શકે તેમ છે ?

મુસલમાનોના અગર વિધર્મીઓના આક્રમણથી જમીનદોસ્ત થએલાં જિનમંદિરોનાં કળાવશેષો, જમીનમાંથી ખોદ કામ કરતાં ઘણા સ્થળેથી મલી આવતી જૈન તીર્થંકરોની તથા જૈન દેવ–દેવીઓની ખંડિત મૂર્તિઓ, શિલાલેખો વગેરેનો સંગ્રહ કરવા માટે અમદાવાદ જેવી જૈન–પુરીના જૈન–શ્રીમાનો કટિબદ્ધ થઈને ભૂતકાલીન જૈન ઇતિહાસના ખૂટતા અંકોડાઓ સાચવી–સંગ્રહી રાખવા ઉજમાળ થશે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વિભાગ ૨. ચિત્રો:—

બીજા વિભાગના ચિત્રોને આપણે ત્રણ ભાગમાં વહેંચી નાખવા જોઈએ અને આ ત્રણ ભાગ તેના સમય-યુગોની દૃષ્ટિએ નહિ, પણ તે જેના ઉપર ચીતરાયેલાં છે તે દૃષ્ટિએ. પ્રથમ વિભાગમાં તાડપત્ર પરનાં ચિત્રોનો નિર્દેશ, બીજા વિભાગમાં કપડા પરનાં ચિત્રોનો નિર્દેશ અને ત્રીજા વિભાગમાં કાગળ ઉપરનાં ફક્ત દેવી સરસ્વતીનાં જ ચિત્રોનો અત્રે નિર્દેશ કરવામાં આવ્યો છે.

**પ્રથમ ભાગ–તાડપત્ર પરનાં ચિત્રો.** શ્વેતામ્બર સંપ્રદાયના તાડપત્ર પરના સચિત્ર ધાર્મિક ગ્રન્થોમાં મળી આવેલાં દેવી સરસ્વતીનાં ચિત્રો પૈકીનું સૌથી પ્રાચીન ચિત્ર ખંભાતના શાંતિનાથના ભંડારના નામે ઓળખાતા ભંડારમાંથી મળી આવેલું છે.

ચિત્ર ૧. આ ચિત્રની પ્રતિકૃતિ જોવા ઇચ્છનારને મારા તરફથી તાજેતરમાં જ પ્રસિદ્ધ થએલ 'જૈનચિત્રકલ્પદ્રુમ' નામના ગ્રન્થમાં ચિત્ર નં. ૯ જોવા ભલામણ છે. આ ચિત્ર વિ. સં. ૧૧૮૪ માં ગૂર્જરેશ્વર મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહ દેવના રાજ્ય અમલ દરમ્યાન પાટણમાં ચીતરાએલું છે, એમ પ્રતની પ્રાંતે આપેલી પુષ્પિકા ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે. આ પુષ્પિકા અન્યત્ર પ્રસિદ્ધ થઇ ગએલી હોવાથી અત્રે આપવામાં આવી નથી.

સરસ્વતી દેવીના આ ચિત્રનું વર્ણન આપતાં પ્રોફેસર બ્રાઉન જણાવે છે કે:–' દેવી સરસ્વતી (અગર ચક્રેશ્વરી ?) પહેલાં મારા તરફથી 'ઇન્ડીયન આર્ટ એન્ડ લેટર્સ' વો. ૩ ઇ. સ. ૧૯૨૯ના પાના ૧૬ પર પ્રસિદ્ધ કરવામાં આવેલું ચિત્ર નં. ૧ જે પ્રતમાંથી લેવામાં આવેલું છે તે જ પ્રતમાંથી '[1]

આ ચિત્ર ચાર હાથવાળી દેવીનું છે. તેના ઉપરના બંને હાથમાં કમલનું ફૂલ છે તથા નીચેના બંને હાથમાં અક્ષસૂત્ર (જપમાળા) અને પુસ્તક છે. દેવીની આગળ ડાબી બાજુએ હંસપક્ષી ચીતરેલું છે. દેવીની જમણી બાજુએ દેશલ૦ અને ડાબી બાજુએ शुभंकर નામના બે સરસ્વતી ભક્ત પુરુષો (ઘણું કરીને આ પ્રત ચીતરાવનાર બંને ભાઇઓ અગર સંબંધીઓ હોવા જોઇએ) બે હસ્તની અંજલિ જોડીને દેવીની સ્તુતિ કરતા દેખાય છે.

મિ. બ્રાઉન આ ચિત્ર સરસ્વતી (અગર ચક્રેશ્વરી ?)નું હોવાની શંકા ઉઠાવે છે પરંતુ હંસ પક્ષીની રજુઆત આપણને સાબિતી આપે છે કે એ સરસ્વતીનું જ ચિત્ર છે; કારણ કે હંસપક્ષી એ સરસ્વતીનું વાહન છે જ્યારે ચક્રેશ્વરીનું વાહન ગરુડ છે. વળી આ ચિત્રમાં જે વસ્તુઓની રજુઆત દેવીના હાથમાં કરવામાં આવી છે તે જ પ્રમાણેનું વર્ણન मलयकीर्ति નામના એક જૈન વિદ્વાન સાધુએ પોતે રચેલા श्रीशारदास्तोत्र માં કરેલું છે.[2]

1. The Goddess Sarasvati (or Chakresvari ?) from the same ms. as figure 1. previously published by me in "Indian art and letters", vol III pp. 16 ff 1929

— The story of kalak p. 116

૨. वरददक्षिणबाहुधृताक्षका, विशदवामकरार्पितपुस्तिका ।
उभयपाणिपयोजधृताम्बुजा, दिशतु मेऽभिमतानि सरस्वती ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ચિત્રની આકૃતિ જાણે એક જ ઝટકે આલેખવામાં આવી હોય એમ લાગે છે, છતાં તેની પાછળ સ્વરૂપનું સંપૂર્ણ ભાન પ્રત્યક્ષ દેખાય છે, એ, કલાકારનું પીંછી ઉપરનું અદ્ભુત પ્રભુત્વ અને છટા બતાવી આપે છે. વૃત્તાંતની વિગત જરા પણ ચૂક્યા વિના આલેખાએલાં સુશોભન અને સુરચનાના નમૂનારૂપ આ ચિત્ર છે. તેમાં યે દેવીની ઊભી મૂર્તિનું દેહસૌષ્ઠવ અને અંગોભંગ અલૌકિક પ્રકારનાં છે.

ચિત્ર ૨. આ ચિત્રની પ્રતિકૃતિ માટે પણ 'જૈનચિત્રકલ્પદ્રુમ' ગ્રન્થમાં ચિત્ર નં. ૩૮ જોવા ભલામણ છે. આ ચિત્રવાળી પ્રત વડોદરા શહેરની નજીક (ફક્ત ચાર જ માઇલ દૂર) આવેલા છાણી ગામના ભંડારમાં ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી-શાસ્ત્ર સંગ્રહમાં આવેલી છે. આ પ્રતમાં દેવી સરસ્વતીના ચિત્ર ઉપરાંત બીજાં વીશ ચિત્રો જેવાં કે: સોળ વિદ્યાદેવીઓનાં સોળ ચિત્રો, લક્ષ્મીદેવીનું એક ચિત્ર, બ્રહ્મશાંતિ યક્ષનું એક ચિત્ર, કપર્દિ યક્ષનું એક ચિત્ર અને દેવી અંબિકાનું એક ચિત્ર મળીને કુલ એકવીશ ચિત્રો ચીતરેલાં છે. જે સઘળાંએ ચિત્રો પહેલી જ વાર 'જૈનચિત્રકલ્પદ્રુમ' નામના ગ્રંથમાં નંબર. ૧૬ થી ૩૬ સુધીમાં છપાએલાં છે અને સાથે સાથે દરેક દરેક ચિત્ર ઉપર વિસ્તારથી વિવેચન 'ચિત્રવિવરણ' વિભાગમાં કરેલું છે, જે જૈનમૂર્તિવિધાન શાસ્ત્રના અભ્યાસીઓને મહત્ત્વનું હોઇ, જોઈ જવા મારી ખાસ ભલામણ છે.

આ ચિત્રમાં પણ સરસ્વતી દેવીને ચાર હાથ છે. ચિત્રની પૃષ્ઠભૂમિ ઘેરા રાતા રંગની; તેણીના ઉપરના જમણા હાથમાં કમળનું ફૂલ, તથા ઉપરના ડાબા અને નીચેના જમણા હાથમાં વીણા; અને નીચેના ડાબા હાથમાં પુસ્તક; કમલના આસન ઉપર ભદ્રાસનની બેઠકે બેઠક; વાહન હંસનું બતાવવા માટે બેઠકની નજીક હંસપક્ષીનું ચિત્ર ચીતરેલું છે. ચિત્રનું કદ ૨×૨$\frac{3}{4}$ ઈંચનું છે. આ ચિત્રની આકૃતિ ઘણી ત્વરાથી દોરાએલી હોવા છતાં ચિત્રકારની કુશળતા રજુ કરે છે. દેવીના હાથમાં જે છટાભરી રીતે ચિન્હો રજુ કરેલાં છે તેમાં કલાદૃષ્ટિ સ્પષ્ટ તરી આવે છે. વળી ચિત્રકારે દેવીને આકાશમાં ગમન કરતી બતાવવા માટે તેણીના ઉત્તરીય વસ્ત્રના છેડા બંને બાજુએ હવામાં ઊડતા દેખાડયા છે. આ પ્રત વિ. સં. ૧૨૧૮ (ઈ. સ. ૧૧૬૧) માં પરમાર્હત્ મહારાજા કુમારપાળના સમય દરમ્યાન લખાએલી છે.

ચિત્ર ૩. આ ચિત્રની પ્રતિકૃતિ માટે અમેરિકાના ફિલાડેલફીઆ નામના શહેરમાંથી પ્રસિદ્ધ થતા Eastern Art નામના પત્રના ઈ. સ. ૧૯૩૦ ની સાલના વાર્ષિક અંકના ૨૩૭ ની સામી બાજુએ અગર ઈ. સ. ૧૯૩૩ની સાલમાં મિ. બ્રાઉન દ્વારા સંપાદિત The Story of Kalak નામના ગ્રન્થની ચિત્ર-પ્લેટ નં. ૨ માં ચિત્ર નં. ૬ જૂઓ.

આ ચિત્ર તથા બીજાં પાંચ ચિત્રો મળી કુલ ૭ ચિત્રોવાળી સાવગપડિક્કમણસુત્તચૂણ્ણી (શ્રાવકપ્રતિક્રમણસૂત્રચૂર્ણિ) ની પ્રત અમેરિકાના બોસ્ટન મ્યુઝિયમનાં હિંદી કલાવિભાગના સંગ્રહમાં છે. આ પ્રતની અંતે એક ઐતિહાસિક પુષ્પિકા વિ. સં. ૧૩૧૭ ની છે જે અક્ષરશઃ નીચે પ્રમાણે છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संवत् १३१७वर्षे माहसुदि १४आदित्यदीने श्रीमदाघाटदुर्गे महाराजाधिराजपरमेश्वरपरमभट्टारकउमापति-वरलब्धप्रौढप्रतापसमलंकृतश्रीतेजसिंहदेवकल्याणविजयराज्ये तत्पादपद्मोपजीविनि महामात्यश्रीसमुद्धरे मुद्राव्यापारान् परिपंथयति श्रीमदाघाटवास्तव्यपं० रामचंद्रशिष्येण कमलचंद्रेण पुस्तिका व्यलेखि ॥

આ ચિત્રમાં પણ દેવીને ચાર હાથ છે, ઉપરના જમણા હાથમાં પુસ્તક છે અને ડાબા હાથમાં કમલનું ફૂલ છે, જ્યારે નીચેના જમણા તથા ડાબા બંને હાથથી વીણા પકડેલી છે અને પોતે ભદ્રાસનની બેઠકે બેઠેલી છે. આ પ્રત મેવાડમાં આવેલા આઘાટ-દુર્ગમાં લખાએલી હોવાથી તેરમા સૈકામાં મેવાડની સ્ત્રીઓ કેવો પહેરવેશ પહેરતી હશે તેનો આબેહૂબ ખ્યાલ આ ચિત્રો આપે છે અને બારીક નિરીક્ષકને તેરમા સૈકામાં ગૂજરાતમાં લખાએલી પ્રતનાં ચિત્રોનો પહેરવેશ તથા આ પ્રતનાં ચિત્રોનો પહેરવેશ તરત જ જુદા પ્રકારનો જણાઈ આવે છે.

ચિત્ર ૪. વિ. સં. ૧૩૨૬માં લખાએલી ‘વિવેકવિલાસ’ની તાડપત્રની એક પ્રતનું પાનું મારા એક મિત્ર પાસે છે, જેમાં ચિત્રનો ઘણોખરો ભાગ નાશ પામેલો છે, છતાં બારીકીથી તપાસ કરતાં તે ચિત્ર દેવી સરસ્વતીનું જ છે એમ સ્પષ્ટ માલુમ પડે છે. આ પ્રતની પુષ્પિકા આ પ્રમાણે છેઃ—

संवत् १३२६ वर्षे आसोयसुदिपंचम्यां सोमे श्रीमत्पत्तने पं० कमलाकरेण अ[ा]त्मश्रेयोर्थं (र्थं)पं० मलयगिरियोग्या प्रकरणपुस्तिका लिखिता ॥छ॥

આ ચિત્રમાં પણ દેવીને ચાર હાથ છે, શરીરનો વર્ણ ગૌર છે, ઉપરના જમણા હાથમાં કમલ તથા ડાબા હાથમાં પુસ્તક છે અને નીચેનો જમણો હાથ વરદ મુદ્રાએ હોય એમ લાગે છે ( ચિત્રનો આ ભાગ વધારે ઘસાઈ ગએલો હોવાથી હાથની આંગળીઓનો થોડો ભાગ જ ફક્ત દેખાય છે), તથા ડાબા હાથમાં વીણા છે, કંચુકીનો રંગ પોપટીઓ લીલો છે અને કમલના આસન ઉપર ભદ્રાસનની બેઠકે તે બેઠેલી છે. આ ચિત્ર અપ્રસિદ્ધ છે.

ચિત્ર ૫. ખંભાતના શાંતિનાથના ભંડારના સંગ્રહમાંની ઉત્તરાધ્યયનસૂત્રની લગભગ તેરમા સૈકાની તાડપત્રની ૧૯૦ પત્રની હસ્તલિખિત પ્રતમાંથી, ચિત્ર ૬૪ તરીકે આ ચિત્ર ‘જૈનચિત્રકલ્પદ્રુમ’ ગ્રન્થમાં છાપવામાં આવેલ છે.

આ ચિત્રમાં સરસ્વતી દેવીના શરીરનો વર્ણ ગૌર, ચાર હાથ, ચિત્રનું કદ ૧$\frac{3}{8}$×૨$\frac{1}{8}$ ઇંચ છે. તેણીના ઉપરના જમણા હાથમાં કમળનું ફૂલ તથા ડાબા હાથમાં વીણા છે અને નીચેના જમણા હાથમાં અક્ષસૂત્ર ( માળા ) તથા ડાબા હાથમાં પુસ્તક છે.

આ પાંચ ચિત્રો સિવાય પણ તાડપત્ર પરનાં બીજાં સરસ્વતી દેવીનાં ચિત્રો જો જૈનભંડારોની દરેકે દરેક પ્રતોની બારીક તપાસ કરવામાં આવે તો ઘણી મોટી સંખ્યામાં પ્રાપ્ત થઈ શકે તેમ મારું માનવું છે, કારણ કે આ નોંધ તો માત્ર ગૂજરાતના જ જૈન-ભંડારોની પ્રતો ઉપરથી તથા પ્રસિદ્ધ થએલાં ચિત્રો ઉપરની પ્રાપ્ત થતી સામગ્રી ઉપરથી તૈયાર કરેલી છે.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રુતદેવતાને અંગે

લેખક—**શ્રીયુત પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા,** એમ. એ.

**પ્રસ્તાવ**—ઈ. સ. ૧૯૨૭માં શ્રી આગમોદયસમિતિ દ્વારા[1] જે **શ્રીભક્તામર-સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહનો દ્વિતીય વિભાગ**[2] પ્રસિદ્ધ થયો છે તેનું સંપાદન – કાર્ય કરતી વેળા શ્રુતદેવતાનું સ્વરૂપ, એને લગતાં સ્તોત્રો ઇત્યાદિ વિવિધ હકીકતો મેં એક નિબંધરૂપે તૈયાર કરી હતી. તેમાંનો થોડોક ભાગ ઉપર્યુક્ત પુસ્તકની પ્રસ્તાવના[3] ( પૃ. ૨૯–૩૮ ) માં " શ્રી સરસ્વતી દેવીનાં સ્તોત્રો " એ શીર્ષક હેઠળ અને કેટલોક ભાગ ક થી છ એમ સાત[4] પરિશિષ્ટો દ્વારા આપ્યો હતો. ત્યારબાદ આજે ફરીથી એ નિબંધમાંનો થોડોક ભાગ અત્ર રજુ કરું છું. એમ કરવામાં આ માસિકના છેલ્લા અંક ( પૃ. ૪૩૩ ) માં " શ્રી વાગ્દેવીસ્તોત્ર " એ નામથી જે લેખ અપાયો છે તેમાં ' સંપાદક ' એવા ઉલ્લેખપૂર્વક કરાએલી નોંધ નિમિત્તરૂપ બની છે, કેમકે ત્યાં એમ લખાયું છે કે " કોઈ સ્થળે એ પ્રગટ થયું હોય એવું જાણવામાં નહિ હોવાથી અહિં એ આપ્યું છે. " પરંતુ આ સ્ખલના છે.[5]

આ પ્રમાણેના પ્રાસ્તાવિક ઉલ્લેખ પૂર્વક હું શ્રુતદેવતા વિષે હવે થોડોક નિર્દેશ કરું છું.

---

૧. આ ઉપરથી જોઈ શકાશે કે **શ્રી જૈન સત્ય પ્રકાશ** ( અં. ૭, પૃ. ૨૨૮ ) માં શ્રીયુત **સારાભાઇ મણિલાલ નવાબે** ' દે. લા. જૈન પુસ્તકોદ્ધારક ફંડ, સુરત દ્વારા પ્રકાશિત ' એમ લખ્યું છે તે ભૂલ છે.

૨. આમાં **સરસ્વતી-ભક્તામર, શાન્તિ-ભક્તામર અને પાર્શ્વભક્તામર** એમ ત્રણ કૃતિઓ આપેલી છે અને તે, શ્રી **ધર્મસિંહસૂરિને** હાથે રચાયેલી છે.

૩. **શ્રી જૈનસત્ય પ્રકાશ** ( અં. ૭, પૃ. ૨૨૬ ) માં શ્રીયુત **નવાબે** અવતરણરૂપે આપેલા શ્લોકો આ પ્રસ્તાવના (પૃ. ૩૬–૩૭) માં આપેલા છે, એટલું જ નહિ, પરંતુ તેનો ગુજરાતી અનુવાદ પણ ત્યાં આપેલો છે.

૪. આ પરિશિષ્ટોમાં **भारतीच्छन्दांसि**, श्री शारदाष्टकम्, श्रीभारतीस्तवनम्, **श्रीसरस्वतीस्तोत्रम्**, श्रीशारदास्तोत्रम्, श्रीसरस्वतीस्तवः અને श्रीशारदास्तुति : એમ સાત શીર્ષક હેઠળ સાત સ્તોત્રો ગુજરાતી અનુવાદ સહિત અપાયેલાં છે. આમાંનાં કેટલાંક અવતરણો શ્રીયુત **નવાબે** " સરસ્વતી –પૂજા અને જૈનો " એ લેખમાં આપ્યાં છે. દાખલા તરીકે જુઓ એમના લેખ (પૃ. ૨૨૯) ગત ૧૨, ૧૩ અને ૧૪ થી અંકિત અને પૃ. ૨૫૯ ગત ૧૫ થી અંકિત પદ્યો.

૫. આ સંબંધમાં એટલું જ કહેવું બસ થશે કે श्रीभारतीस्तवनम् " એ શીર્ષક પૂર્વક સંપૂર્ણ श्रीवाग्देवीस्तोत्र એના ગુજરાતી અનુવાદ અને મંત્ર સહિત " શ્રીભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહનો દ્વિતીય વિભાગ " નામક પુસ્તકના ગ. પરિશિષ્ટરૂપે પૃ. ૧૯૪–૧૯૬ માં અપાયેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પરિચય ને પર્યાય**–જેમ **મિનોર્વા** ( Minorva ) ગ્રીક લોકોની વિદ્યાની અધિષ્ઠાયિકા દેવી ગણાય છે તેમ શ્રુતદેવતા[1] એ આપણા જૈનોની વિદ્યાદેવી ગણાય છે. આ દેવીને પ્રાકૃતમાં 'સુયદેવયા'[2] કહેવામાં આવે છે. આ દેવી સંપૂર્ણ શ્રુતજ્ઞાનની સ્વામિની મનાય છે.[3] આ દેવીની શ્રુતસાગર પ્રતિ સતત ભક્તિ છે.[4] આ દેવીના દેહરૂપે વાણીના સમૂહનો નિર્દેશ કરાય છે.[5] આ દેવીનાં વિવિધ નામો છે. જેમકે (૧)[6] શ્રુતદેવી[7] (૨) વાગ્દેવી,[8] (૩) વાગ્-દેવતા,[9] (૪) વાગીશ્વરી,[10] (૫) ભારતી,[11] (૬) સારદા,[12] (૭) શારદા,[13] (૮) સરસ્વતી[14] (૯) બ્રાહ્મી,[15] (૧૦) ગો,[16] (૧૧) ગીર્વાણી,[17] (૧૨) ભાષા[18] અને (૧૩) વાચ્[19]. વિશેષમાં આ દેવીનાં ૧૦૮ નામો પણ જોવાય છે. આ નામોના ઉલ્લેખવાળું એક **શારદા-સ્તોત્ર શ્રી ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય સંગ્રહનો દ્વિતીય વિભાગ** નામક પુસ્તકની પ્રસ્તાવનામાં આપેલું છે.

**શ્રુતદેવતાની સ્તુતિઓનું મૂળ**— શ્રુતદેવતાની વિવિધ સ્તુતિઓ સ્વતંત્ર કૃતિરૂપે નજરે પડે છે એટલું જ નહિ પણ એને કોઈ કોઇ ગ્રંથના પ્રાયઃ આદ્ય ભાગમાં અને કેટલીક વાર અંતિમ ભાગમાં સ્થાન અપાયેલું જોઈ શકાય છે. સૌથી પ્રથમ કોણે શ્રુતદેવતાની સ્વતંત્ર કૃતિ રચી એનો ઉત્તર આપવામાં મેં એકત્રિત કરેલી વિવિધ સ્તુતિઓ ઉપયોગી થઇ પડે તેમ છે, પરંતુ એનો છેવટના નિર્ણયરૂપ ઉત્તર હજી અન્યાન્ય સાધનોની અપેક્ષા રાખે છે, એટલે એ હાલ તુરત મુલતવી રખાય છે, તેમ છતાં મૂળ વિષે સૂચન થઇ શકે તેમ છે. આનું કારણ એ છે કે **વિવાહપ્રજ્ઞપ્તિ** અને

---

૧. આ શબ્દ માટે જુઓ શ્રી **બપ્પભટ્ટિસૂરિ**કૃત **ચતુર્વિંશતિકાનું** પ્રથમ પરિશિષ્ટ ( આગમોદય સમિતિવાળી આવૃત્તિ, પૃ. ૧૮૧ ), શ્રી **શોભન**મુનીશ્વરકૃત **સ્તુતિચતુર્વિંશતિકાનું** ચોથું પદ્ય ( આ. સમિતિવાળી આવૃત્તિ. પૃ. ૨૫ ) તેમ જ 'કમલદલ'વાળી સ્તુતિરૂપ પ્રથમ પદ્ય. ૨. આને ઉદ્દેશીને પ્રતિક્રમણમાં કાયોત્સર્ગ કરવામાં આવે છે. વિશેષમાં આને લગતું પ્રાકૃતમાં એક પદ્ય છે કે જે પ્રતિક્રમણ કરતી વખતે બોલાય છે. ૩. જુઓ **ચતુર્વિંશતિકાનું** ૮૦ મું પદ્ય ( પૃ. ૧૩૨. ) ૪. જુઓ સુયદેવયાની સ્તુતિ. ૫. જુઓ **યાકિની**મહત્તરધર્મસૂનુ શ્રી**હરિભદ્ર**સૂરિ કૃત ગણાતી સમસંસ્કૃત **સંસારદાવાનલ**–સ્તુતિનું ચોથું પદ્ય ૬. કલિકાલસર્વજ્ઞ શ્રી **હેમચન્દ્ર**સૂરિકૃત **અભિધાનચિન્તામણિ** ( કા. ૨, શ્લો. ૧૫૫) ની સ્વોપજ્ઞ વિવૃતિમાં "श्रुतस्य प्रवचनस्याधिष्ठात्री देवी श्रुतदेवी," એવી આ શબ્દની વ્યુત્પત્તિ દૃગ્ગોચર થાય છે. ૭. આ શબ્દ માટે જુઓ શ્રી ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય સંગ્રહનો દ્વિતીય વિભાગ ( પૃ૦ ૧૮૬ ) ૮. જુઓ ચતુર્વિંશતિકાનું ૭૬ મું પદ્ય ( પૃ૦ ૧૨૮ ) ૯. જુઓ ચતુર્વિંશતિકાનું ચોથું પદ્ય ( પૃ૦ ૯ ) ૧૦. આને પ્રાકૃતમાં 'વાએસરી' કહેવામાં આવે છે. જુઓ કલ્લાણકંદં–સ્તુતિનું ચોથું પદ્ય. ૧૧. જુઓ ચતુર્વિંશતિકાનું પ્રથમ પરિશિષ્ટ ( પૃ૦ ૧૮૪ ) તેમ જ શ્રી ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય સંગ્રહનો દ્વિતીય વિભાગ ( પૃ૦ ૧૮૫ ) ૧૨. જુઓ ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય સંગ્રહનો દ્વિતીય વિભાગ ( પૃ૦ ૧૯૪ ) ૧૩. જુઓ એનું જ પૃ૦ ૨૦૩. ૧૪. જુઓ એનું જ પૃ૦ ૨૦૦ અને ૨૦૨ તથા ચતુર્વિંશતિકાનું પ્રથમ પરિશિષ્ટ ( પૃ ૧૮૧ ) ૧૫-૧૯. વિચારો અભિધાનચિંતામણિ ( કા૦ ૨ ) ના ૧૫૫મા પદ્યગત નિમ્ન લિખિત પંક્તિઃ—

"वाग् ब्राह्मी भारती गौर्गीर्वाणी भाषा सरस्वती श्रुतदेवी"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ** એ નામવાળા પાંચમા અંગરૂપ **ભગવતિ સૂત્રના** પ્રાન્તિમ ભાગના ૯૮૦ મા પત્રમાં શ્રુતદેવતાની નીચે મુજબની સ્તુતિ કરાયેલી નજરે પડે છે.

" वियसियअरविंदकरा नासियतिमिरा सुयाहिया देवी ।
मज्झं पि देउ मेहं बुहविबुहणमंसिया णिच्चं ॥ १ ॥
सुयदेवयाएँ पणमिमो जीए पसाएण सिक्खियं नाणं ।
अण्णं पवयणदेवी संतिकरं तं नमंसामि ॥ २ ॥
सुयदेवया य जक्खो कुंभधरो बंभसंति वेरोट्टा ।
विज्जा य अंतहुंडी देउ अविग्घ लिहंतस्स ॥ ३ ॥"[1]

**ભગવતીસૂત્ર**ના સંપાદક મહાશય આગમોદ્ધારક શ્રી **આનંદસાગરસૂ**રિજી આ પદ્યોને **ભગવતીસૂત્ર**ના અંગરૂપ ગણતા હોય એમ લાગે છે. વિશેષમાં આ પાંચમા અંગની વૃત્તિમાં એના કર્તા શ્રી **અભયદેવસૂરિ** પણ એમ જ માનતા હોય એમ જણાય છે.

આ ત્રણે પદ્યો દરેક હસ્તલિખિત પ્રતિમાં ઉપલબ્ધ થતાં નથી, એથી એ ત્રણે પદ્યો પંચમ ગણધર શ્રી **સુધર્મસ્વામી**એ **ભગવતીસૂત્ર**માં ગૂંથ્યાં હશે કે નહિ એવો સહજ પ્રશ્ન ઉદ્ભવે છે. જો એમણે ત્રણે પદ્યો નહિ રચ્યાં હોય તો પહેલાં બે તો રચ્યાં હશે એમ ભાસે છે, કેમ કે એ બે તો અન્યાન્ય પ્રતિઓમાં જોવાય છે. જો આ હકીકત યથાર્થ હોય તો પછી ત્રીજું પદ્ય શ્રી **અભયદેવ**સૂરિના સમયમાં **ભગવતીસૂત્ર**ના અંગરૂપ ગણાતું હતું કે તે પૂર્વે પણ એટલો જ નિશ્ચય કરવો બાકી રહે છે. એ માટે શ્રી **અભયદેવ**સૂરિ ભગવતીસૂત્રની વૃત્તિના પ્રારંભમાં જે ટીકા અને ચૂર્ણિનો નિર્દેશ કરે છે તે જોવી જોઈએ, પરંતુ આ સાધન મારી પાસે નથી એટલે એ પ્રશ્ન અણઉકેલ્યો રહે છે. ત્રીજા પદ્યના અંતમાં જે 'लिहंतस्स' છે એ ઉપરથી એમ પણ સંભાવના થઇ શકે કે એ પદ્ય શ્રી **દેવર્ધિ**ગણિ ક્ષમાશ્રમણે, આગમો પુસ્તકારૂઢ કર્યાં ત્યારે દાખલ થયું હોય. આ ઉપરથી સમજાશે કે ત્રીજા પદ્યના કર્તૃત્વ વિષે આ લેખમાં નિર્ણય કરી શકાય તેમ નથી.

વિશેષમાં પહેલાં બે પદ્યોમાંથી એકે ગણધરકૃત ન હોવાનું સાબીત થઈ શકે તો પછી શ્રુતદેવતાની સ્તુતિ કરવાની પહેલ કોણે કરી એ પ્રશ્ન પણ પાછો ઉપસ્થિત થાય છે. આવી પરિસ્થિતિમાં હું આગમોના અખંડ અભ્યાસીઓને આ પ્રશ્નનો ઉત્તર આપવા સાદર વિનવું છું.

**શ્રુતદેવતાનું વિશિષ્ટ સ્વરૂપ અને તેની પ્રતિકૃતિઓ**—જૈન દર્શનનું કહેવું એ છે કે દેવો અને દેવીઓનો દેહ મૂળ સ્વરૂપે તો મનુષ્યના જેવો જ છે એટલે કે તેમને પણ બે હાથ, બે પગ, એક મસ્તક ઇત્યાદિ છે, પરંતુ એ

[ જુઓ પૃષ્ઠ ૩૫ ]

૧. ભાંડારકર પ્રાચ્ય વિદ્યાસંશોધન મંદિરમાં **ભગવતીસૂત્ર**ની જે ત્રણ હસ્તલિખિત પ્રતિઓ તેમાંની બેમાં પ્રથમનાં બે પદ્યો છે. આ બેમાંની એક પ્રતિ સં. ૧૫૭૦ માં લખાયેલી છે. જુઓ "જૈન હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર" (પુ. ૧૭, ભા. ૧, પૃ. ૮૦-૮૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુરાતન ઇતિહાસ અને સ્થાપત્ય

## (૧) પ્રાચીન લેખ સંગ્રહ (૭ લેખો)

સંપાદકઃ–
મુનિરાજ શ્રી જયન્તવિજયજી

(१)[1]

॥ र्द ॥ संवत् १६२५ वर्षे श्रीपटनमध्ये म० श्री जीवा म० मांणकदे पुत्र म रतनजी पुण्यार्थं बिब रखबदेव विजय पूजार्थं भटारक श्री श्रीविजयसेनसूरिस्वरुस्ते शुभमुहूर्ते सकलजन समस्तसहत प्रतष्टतकृता ॥ पूजनीकनर शुभ फलदायक नइअर्थेर ॥

(આ પ્રતિમાની ઊંચાઈ ૧૦ ઇંચ અને પહોળાઈ ૭ ઇંચ છે.)

સંવત્ ૧૬૨૫માં, શ્રી**પાટણ**નગર મધ્યે મંત્રી શેઠ જીવાની ભાર્યા માણેકદેના પુત્ર મંત્રી રતનજીના શ્રેય માટે; વિજય નામના પુત્રને પૂજા કરવા માટે અથવા વિજયવંતી પૂજા માટે તથા પૂજા કરનારાઓને શુભ ફળદાયક થાય એટલા માટે મંત્રી જીવાએ શ્રી**ઋષભદેવ** ભગવાનની મૂર્તિ કરાવીને તેની ભટ્ટારકશ્રી શ્રી**વિજયસેન**સૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે શુભ મુહૂર્તમાં સકલ **સંઘ** સમક્ષ પ્રતિષ્ઠા કરાવી છે.

(२)

॥ संवत् १५१६ वर्षे वैशाष सुदि १० बुधे उपकेशज्ञातीय मं० चांपा भार्या चांपलदे पुत्र हेमा भार्या हमीरदे पुत्र रणधीर तोला स्वमातृपितृश्रेयार्थं श्रीअजितनाथबिंबं कारितं । प्रतिष्टितं तपागच्छे श्री रत्नशेषरसूरिभिः ॥

(આ પ્રતિમાજીની ઊંચાઈ ૮ ઇંચ અને પહોળાઈ પા॥ ઇંચ છે.)

સંવત્ ૧૫૧૬ના વૈશાખ શુદી ૧૦ ને બુધવારે, **ઉપકેશ (ઓસવાલ)** જ્ઞાતીય મંત્રી ચાંપાની ભાર્યા ચાંપલદેના પુત્ર હેમાની ભાર્યા હમીરદેના પુત્રો રણધીર તથા તોલાએ પોતાનાં માતા–પિતાના કલ્યાણ માટે શ્રી**અજિતનાથ**જીનું બિંબ ભરાવ્યું અને તેની **તપા**ગચ્છીય શ્રી**રત્નશેખરસૂરિ**જીએ પ્રતિષ્ઠા કરી છે.

(3)

संवत् १५९५ वर्षे वैशाष सुदि ७ दन गेरे प्रागवट जाती सा० समरा भा० वदे पुत्र आला माडा भा० तजुपुत्र ५ रतणादि कटंबादि श्रीपार्श्वनाथ बंबकात्र तपागछे श्री-आणंदविमलसूरि प्रतिष्टत ।

(આ પ્રતિનાજીની ઊંચાઈ ૮ ઇંચ અને પહોળાઈ પા॥ ઇંચ છે.)

---

૧. નંબર ૧ થી ૪ સુધીના લેખોવાળી, ધાતુની આ ચાર મૂર્તિઓ સિરોહીના શ્રી**અજિતનાથજી**ના મંદિરમાંથી શિવપુરી (માળવા) મોકલવામાં આવી છે. શિવપુરીના શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડલના વિદ્યાર્થીઓને પૂજવા માટે મંડલના ગૃહચૈત્યમાં વિરાજમાન કરવામાં આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંવત્ ૧૫૯૫ના વૈશાખ શુદિ ૭ ને ગુરુવારે **પોરવાડ**જ્ઞાતીય શાહ **સમરા**ની ભાર્યા વદૈના પુત્રો (૧) આલા, (૨) માંડા. તેમાંના માંડાની ભાર્યા બાઈ તેજુ **અને** તેના રતના આદિ પાંચ પુત્રો વગેરે કુટુંબયુક્ત શાહ આલા **અને** માંડાએ શ્રી**પાર્શ્વનાથ**જી૦ની મૂર્તિ ભરાવી અને તેની **તપાગચ્છ**ીય શ્રીમાન્ **આનંદવિમલસૂરિ**જી મહારાજે પ્રતિષ્ઠા કરી છે.

(૪)

सं० १५३७ वर्षे वै० शु० ८ शनौ प्राग्वाट सा० हीदा भा० सापू सुत देवाकेन भार्या वाल्ही पुत्र जेसा पोपा कर्मा जीदा प्रमुख कुटुम्बयुतेन श्रीशंभवनाथबिंबं कारितं। प्रतिष्ठितं तपापक्षे श्री सोमसुंदरसूरिसंताने श्री लक्ष्मीसागरसूरिभिः ॥ श्रीः ॥

(આ પ્રતિમાજીની ઊંચાઈ ૭ ઇંચ **અને** પહોળાઈ ૫ ઇંચ છે.)

સંવત્ ૧૫૩૭ના વૈશાખ શુદિ ૮ ને શનિવારે, **પોરવાડ** જ્ઞાતીય શાહીદાની ભાર્યા સાપુના પુત્ર; પોતાની ભાર્યા વાલી અને પુત્રો જેસા, પોપા, કર્મા, જીદા વગેરે કુટુંબથી યુક્ત એવા દેવાએ શ્રી**સંભવનાથ**જી૦નું બિંબ ભરાવ્યું અને તેની **તપાગચ્છ**ીય શ્રી**સોમસુંદરસૂરિ**સંતાનીય શ્રી**લક્ષ્મીસાગરસૂરિ**જીએ પ્રતિષ્ઠા કરી છે.

(૫)[૨]

॥ सम्वत् १६८७ वर्षे आषाढ सुदि १४ वार थावर श्रीराठड श्री भगवंनदास समुद्रदास करमण सा............(पूनापुण्यार्थं) विर्धा वेला पुत्र घसा लीबा जाति आछ ॥

સંવત્ ૧૬૮૭ના અષાડ શુદિ ૧૪ ને શનિવારે શ્રી**રાઠોડ** ગોત્ર અને **આછા** (?) જ્ઞાતિવાળા શેઠ ભગવાનદાસ, સમુદ્રદાસ, કરમણ, વર્ધા, વેલા અને તેમના પુત્રો ઘસા, લીંબા એમણે શા પુનાના કલ્યાણ માટે **ગુંદોચ** ગામના ઉપાશ્રયમાં આ સ્તંભ કરાવ્યો હોય અથવા ઉપાશ્રય બંધાવવામાં કોઈ પણ જાતની સહાયતા કરી હોય તેમ લાગે છે.

(૬)[૩]

९० ॥ श्री षंडेरक चैत्ये ।

---

૨. આ લેખ, **જોધપુર** રાજ્યના **પાલી** પરગણામાં, પાલીથી દક્ષિણમાં લગભગ ૧૦ માઈલની દૂરીપર આવેલા **ગુંદોચ** ગામમાંના **તપાગચ્છ**ના ઉપાશ્રયના એક સ્તંભ ઉપર ખોદાયેલો છે. **ગુંદોચ** ગામમાં હાલ એક ભવ્ય જિનમંદિર, ઉપાશ્રયો અને શ્રાવકોનાં ઘરો વગેરે છે.

૩. નંબર ૬ અને ૭ વાળા લેખો. **જોધપુર**રાજ્યના **બાલી** પરગણાના **સાંડેરાવ** ગામના પ્રાચીન જિનમંદિરમાંના છે. તેમાંનો પહેલો લેખ, ઉક્તમંદિરના ગૂઢમંડળમાંના એક આલા (ગોખલા)માં વિરાજિત, શ્રી**દેવનાગસૂરિ**જીની મનોહર મૂર્તિની બેઠકમાં ખોદેલો છે. આ મૂર્તિ આશરે ૩૪ આંગળ ઊંચી અને ૨૨ આંગળ પહોળી છે મૂર્તિમાં મસ્તકની પાછળ ઓઘો તથા શરીરપર મુહપત્તિ અને કપડાની નિશાની કોતરેલ છે. મૂર્તિમાં આચાર્યજીનાં ચરણો પાસે નીચે મધ્ય ભાગમાં આચાર્યની સેવા કરતી એક સાધુની મૂર્તિ અને તેની આજુબાજુમાં હાથમાં પૂજાની સામગ્રી લઈને ઉભેલ ત્રણ શ્રાવકોની મૂર્તિઓ કોતરેલી છે. તે ચારે મૂર્તિઓની નીચે તે ચારે વ્યક્તિઓનાં નામો ખોદેલાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पंडित जिनचन्द्रेण गोष्टि (ष्ठि) युतेन श्रीमता ।
देवनागगुरोमूर्त्ति (र्मूर्त्तिः) कारिता मुक्तिवांच्छता ॥
सं० ११९७ वैशा [ख] वदि १

| | | | |
|---|---|---|---|
| प्र (स) न्नः । | पं० जिनचन्द्रः | थिरपालः | शुभंकरः |
| ( श्रावक ) | ( साधु ) | ( श्रावक ) | ( श्रावक ) |

સંવત ૧૧૯૭ના વૈશાખ વદિ ૧ ને દિવસે, (**સાંઢેરાવ** ગામના) શ્રી**ષંડેરક**ગચ્છના[૪] મંદિરમાં, ગોષ્ઠીપદને ધારણ કરનાર અર્થાત્ મંદિરની સારસંભાળ રાખનાર અને મુક્તિને ઇચ્છનાર શ્રીમાન્ પંડિત જિનચંદ્રે પોતાના ગુરુ શ્રી**દેવનાગસૂરિ**જીની આ મૂર્તિ ભરાવી.

( ૭ )

१० ॥ संवत् १११५ माग (घ) वदि ४ श्री

આ લેખ આટલો જ લખીને અધુરો છોડી દીધો હોય તેમ લાગે છે. આગળ અક્ષરો લખેલા નથી. આ લેખવાળું પરિકર પ્રાચીન અને સુંદર કોરણીવાળું છે.

---

છે. સાતમા નંબરનો લેખ, એ જ મંદિરના ગૂઢમંડળમાંના જમણી બાજુના ગોંખલામાંના પરિકર નીચે ખોદેલો છે.

૪. ઉક્ત **સાંઢેરાવ** ગામના નામ ઉપરથી **ષંડેરક**ગચ્છ નિકલ્યો છે.

---

( પૃષ્ઠ ૩૨ નું અનુસંધાન )

દેવ દેવીઓ ઉત્તર વૈક્રિય સ્વરૂપ ધારણ કરી શકતાં હોવાથી, જોઇએ તેટલા હાથ વગેરે રચી શકે છે.[૧] આથી શ્રુતદેવતા કેટલીક વાર બે હાથવાળી તેમ જ કેટલીક વાર ચાર હાથવાળી આલેખાયેલી જોવાય છે. લખનૌના સંગ્રહસ્થાન નં. $\frac{\text{ઈ}}{\text{૭૦}}$માં બે હાથવાળી મૂર્તિ છે. આ મૂર્તિ બધી મૂર્તિઓમાં પ્રાચીન છે એવો નિર્દેશ શ્રીયુત **ભટ્ટાચાર્યે** "માલવીય સ્મારક ગ્રંથ' (પૃ. ૨૯૩) માં કર્યો છે. બિકાનેર રાજ્યમાં એક ચાર હાથવાળી મૂર્તિ છે. આની પ્રતિકૃતિ ઉપર્યુક્ત સ્મારક ગ્રંથમાં અપાયેલી છે. શ્રુતદેવતાનું **નિર્વાણકલિકા**માં જે સ્વરૂપ રજુ કરાયેલું છે તે ઉપરથી તૈયાર કરાયેલી એની એક ત્રિરંગી પ્રતિકૃતિ આગમોદય સમિતિએ પ્રસિદ્ધ કરેલી **સ્તુતિચતુર્વિંશતિકા, ચતુર્વિંશતિકા** તેમ જ શ્રી **ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહનો દ્વિતીવિભાગ** એ ત્રણે પુસ્તકમાં અપાયેલ છે. વળી **આર્હત જીવન જ્યોતિ** ના પ્રથમ વિભાગરૂપ **પહેલી કિરણાવલી**માંના આઠમા કિરણમાં પણ એક પ્રતિકૃતિ અપાયેલી છે.

શ્રુતદેવતાના સંબંધમાં બીજી પણ કેટલીક બાબતો કહેવા જેવી છે અને મારા નિબંધમાં મેં એ વિચારી પણ છે, પરંતુ એ કોઇ પ્રસંગ મળતાં પ્રસિદ્ધિમાં મૂકવાનો વિચાર રાખતો હાલ તુરત તો હું વિરમું છું.

---

૧, જુઓ **ચતુર્વિંશતિકા** (શ્લો. ૪૪)નું મારું સ્પષ્ટીકરણ પૃ. [ ૭૯–૮૦ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંપાદકીય વક્તવ્ય

## બીજું વર્ષ

"શ્રી જૈન સત્ય પ્રકાશ" પોતાનું પ્રથમ વર્ષ સંપૂર્ણ કરીને આ અંકે બીજા વર્ષમાં પ્રવેશ કરે છે.

આજે અમારી દૃષ્ટિ એ સમય ઉપર પડે છે કે જ્યારે મુનિસમ્મેલને નિયત કરેલી પ્રતિકાર સમિતિ કંઈક ક્રિયાત્મક કાર્ય કરવાનો ગંભીરપણે વિચાર કરતી હતી. સદ્ભાગ્યે એ વિચારણા જલ્દી સફળ થઈ, માર્ગમાં નજરે પડતી અગવડો દૂર થઈ, જોઇતી સહાયતાની તાત્કાલિક વ્યવસ્થા થઈ અને "શ્રી જૈન સત્ય પ્રકાશ" નો જન્મ થયો. આજે એ વાતને એક વર્ષ વીતી ગયું!

"શ્રી જૈન સત્ય પ્રકાશ"ના પ્રથમ વર્ષ દરમ્યાન એના ઉદ્દેશ પ્રમાણે પ્રતિકાર, સાહિત્ય, સ્થાપત્ય અને ઇતિહાસ વિષયક યથાશક્ય વાચન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. "શ્રી જૈન સત્ય પ્રકાશ" નો ઉન્નત આદર્શ હમેશાં અમારી સામે ખડો છે. એ આદર્શને અનુરૂપ સાહિત્ય આપીને માસિકને વધુ આકર્ષક બનાવવાની ભાવના સાથે અમે બીજા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ.

"શ્રી જૈન સત્ય પ્રકાશ" હજુ બીલકુલ પોતાના પ્રારંભકાળમાં છે એ વાત સાચી છે, છતાં પ્રગતિ સાધવા માટે અમુક વર્ષો વીતવા જ જોઈએ એવી વયની યોગ્યતા અમારી દૃષ્ટિએ વધુ મહત્ત્વની નથી. પરમ પૂજ્ય મુનિરાજો અને વિદ્વાનોનો સાથ મળતો રહે તો અલ્પ સમયમાં પણ ઘણી સારી પ્રગતિ સાધી શકાય એમાં લેશમાત્ર શંકા નથી. અને એટલા માટે બીજા વર્ષમાં પ્રવેશ કરતી વખતે કેટલીક વસ્તુ કહેવાની પ્રાપ્ત થાય છે:

"પુરાતન ઇતિહાસ અને સ્થાપત્ય" શીર્ષક એક ચાલુ પ્રકરણ એ આશયથી શરુ કરવામાં આવ્યું હતું કે કડકડતી ટાઢ અને ધગધગતા તડકામાં ઉઘાડે પગે અને ઉઘાડે માથે, ભારતના અનેક પ્રદેશોમાં વિચરીને પરમાત્મા મહાવીરદેવનો ધર્મ-સંદેશ જનતાને પહોંચાડતા આપણા પૂજ્ય મુનિરાજો પોતાના વિહાર દરમ્યાન તે તે પ્રદેશમાંનાં જૈન સ્થાપત્યોનું નિરીક્ષણ-પરીક્ષણ કરે અને તેનો પ્રમાણભૂત અહેવાલ તથા પોતાની ધર્મક્રિયામાં રત રહી અહર્નિશ અધ્યયન, અધ્યાપન અને સાહિત્ય-સેવન કરતી વખતે આપણા પૂર્વજોની જે યશોગાથાઓ નજરે પડે તેનો ઇતિહાસ આ માસિક દ્વારા લોકોને પહોંચાડે! પરન્તુ અમારો આ આશય જેવો અમે ઇચ્છીએ તેવો સફળ થયો નથી. અતિ નમ્રભાવે અમે સર્વ પૂજ્ય મુનિરાજોનું અને વિદ્વાનોનું ધ્યાન એ તરફ દોરીએ છીએ અને એ પ્રકરણ વધુ સમૃદ્ધ બને એવું સાહિત્ય મોકલતા રહેવાની વિનતિ કરીએ છીએ.

આપણા પૂજ્ય મુનિસમુદાયમાં અત્યારે અનેક વિદ્વાનો વિદ્યમાન છે અને તેઓ સારામાં સારા લેખો આપી શકે એમ છે, પણ તે બધાની વિદ્વત્તાની પ્રસાદી મેળવવા આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માસિક હજુ ભાગ્યશાળી થઈ શક્યું નથી. આ માસિક સમસ્ત મુનિસમુદાયનું માસિક છે એ વસ્તુ, નમ્રભાવે, જણાવવા સાથે અમે બધાય પૂજ્ય મુનિરાજોને વિનવીએ છીએ કે તેઓ પ્રસંગે પ્રસંગે લેખો મોકલવાની કૃપા કરતા રહે!

**વિશેષાંક**—બીજા વર્ષના અમારા કાર્યક્રમમાં સૌથી મહત્ત્વની વસ્તુ "શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક"ની યોજના છે. પરમાત્મા મહાવીર દેવ સંબંધી એક સંપૂર્ણ જીવન–ચરિત્રની અત્યારે ઘણી જ આવશ્યકતા છે. એવું જીવન–ચરિત્ર તૈયાર કરનાર કોઇ વિદ્વાનને ઉપયોગી થઈ શકે એવું સાહિત્ય પ્રગટ કરવું એ પણ એક જરુરી વસ્તુ છે. સંભવ છે આવા એકાદ સંગ્રહના દર્શનથી કોઈ વિદ્વાનને પ્રબળ પ્રેરણા મળે અને એ એવું પુસ્તક તૈયાર કરવા લલચાય! "શ્રી જૈન સત્ય પ્રકાશ" પણ આવો એકાદ સંગ્રહ પ્રગટ કરે તો સારું, એ આશયથી આ યોજના કરવામાં આવી છે. અમારી એ યોજના સફળ કરવામાં પૂજ્ય મુનિરાજો અને જૈન કે અજૈન—દરેક વિદ્વાન ભગવાન મહાવીર સ્વામી સંબંધી લેખ મોકલીને અમને સહાયતા કરે એવી અમારી પ્રાર્થના છે.

"શ્રી જૈન સત્ય પ્રકાશ" માટે હમેશાં પ્રયત્ન કરતા, સમિતિના પાંચે પરમ પૂજ્ય મુનિમહારાજો પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરવાની સાથે સાથે એના પ્રથમ વર્ષ દરમ્યાન જે જે સખી સદ્દગૃહસ્થોએ આર્થિક સહાયતા કરી છે તેમનો તથા જે જે વિદ્વાનો–પૂજ્ય મુનિરાજો અને ગૃહસ્થો–એ અત્યંત પરિશ્રમ લઇને લેખો મોકલતા રહેવાની ઉદારતા કરી છે તેમનો અમે આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં પણ એવો જ સહકાર આપતા રહેવાની પ્રાર્થના કરીએ છીએ.

છેવટે સમિતિની સ્થાપના અંગેનો અખિલ ભારતવર્ષીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિસમ્મેલનનો એ દસમો ઠરાવ:

"આપણા પરમ પવિત્ર પૂજ્ય શાસ્ત્રો તથા તીર્થાદિ ઉપર થતા આક્ષેપોના સમાધાનને અંગે (૧) આચાર્ય મહારાજ શ્રીમત્ સાગરાનંદસૂરિજી (૨) આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિ-સૂરિજી (૩) પંન્યાસજી મહારાજ શ્રી લાવણ્યવિજયજી (વર્તમાનમાં આચાર્ય મહારાજ શ્રી વિજયલાવણ્યસૂરિજી) (૪) મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી (૫) મુનિરાજ શ્રી દર્શનવિજયજીની મંડળી નીમી છે. તે મંડળીએ તે કાર્ય, નિયમાવલી તૈયાર કરી, શરુ કરવું અને બીજા સર્વ સાધુઓએ એ બાબતમાં યોગ્ય મદદ જરુર કરવી. તેમ જ એ મંડળીને જોઇતી સહાય આપવા શ્રાવકોને પણ પ્રેરણા અને ઉપદેશ આપવો."

યાદ કરીને બધાય પૂજ્ય મુનિરાજો "શ્રી જૈન સત્ય પ્રકાશ"ને હમેશાં પોતાનું ગણે એ જ ભાવના!

## માસિક ભેટ

પ્રથમ વર્ષની માફક બીજા વર્ષ માટે પણ પદસ્થ મુનિરાજોને માસિક ભેટ મોકલવાનો અમે નિર્ણય કર્યો છે. માસિકના વાચનનો લાભ પ્રત્યેક મુનિરાજને મળતો રહે એવી અમારી હાર્દિક ઇચ્છા છે. જો દરેક સમુદાય દીઠ માસિકની ઓછામાં ઓછી એક નકલ પણ જતી રહે તો તેના વાચનનો લાભ તે સમુદાયના લગભગ બધાય મુનિરાજોને મળી શકે. પ્રાયઃ કરીને પ્રત્યેક સમુદાયમાં એકાદ પદસ્થ મુનિરાજ અવશ્ય હોય એટલે એમના નામે મોકલાતા માસિકનો લાભ એ આખો સમુદાય લઈ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેકે દરેક મુનિરાજને માસિક ભેટ મોકલી શકાય એ જરુર ઇચ્છવા જેવું છે, પરન્તુ અત્યારની અમારી આર્થિક સ્થિતિ જોતાં એ પગલું શક્ય નથી. એટલે કેવળ **અમારી** સ્થિતિને અનુકૂળ વ્યવસ્થા જળવાય અને સર્વ મુનિરાજોને માસિકના વાચનનો લાભ મળે એટલા માટે જ — નિરુપાયે — આ વ્યવસ્થા કરવી પડી છે. છતાં પણ જે સમુદાયમાં પદસ્થ મુનિરાજ નહિ હોવાની અમને ખબર પડે છે તેમને માસિક ભેટ મોકલવામાં આવે જ છે. એટલે અમારી જાણબહાર કે એ સંબંધની સૂચના અમને નહીં મળવાના કારણે જેઓને માસિક ભેટ ન મળતું હોય તેઓએ અમને એ સંબંધી સૂચના કરવા કૃપા કરવી !

## શ્રીયુત વીરેન્દ્રકુમારને—

"जैनदर्शन" ના ૨૧મા અંકમાંનું "जैन सत्य प्रकाश के तंत्रीजी" શીર્ષક લખાણ વાંચ્યું. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માંની દિગંબરો સંબંધીની ત્રણે લેખમાળાઓ આપે જોઇ અને એના ઉપર વિચાર કરવાની આપને જરુરત જણાઇ. એમાંની એક લેખમાળાને આપે અબાધક ગણી, બીજી એક માટે ગોળ ગોળ વિચાર દર્શાવ્યા અને છેવટે "દિગંબરોની ઉત્પત્તિ" શીર્ષક પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજની લેખમાળાનો ઉત્તર આપવાનું આપે પસંદ કર્યું. પરન્તુ એનો ઉત્તર કઇ રીતે આપવો એનું દિશા–સૂચન હજુ સુધી આપ નથી શોધી શક્યા અને તેથી મૂળ વિષયને સાવ ભૂલી જઇને એક બીલકુલ જુદા જ વિષયની ચર્ચા આપે છેડી છે, જેની "જૈનદર્શન" ના ૨૧ મા અંકમાંનું આપનું લખાણ સાક્ષી પૂરે છે. "દિગંબરોની ઉત્પત્તિ" ના લેખમાં શ્રી કેસરીયાજીના ઈતિહાસનો જરા પણ ઊહાપોહ ન હોવા છતાં આપે એ સંબંધી ચર્ચાનો એક આખો લેખ લખી નાખ્યો છે, પરિણામે નીચેની વસ્તુ આપને અમારે જણાવવી જરુરી થાય છે.

શ્રી કેસરિયાજીના પોતાની માલીકીના મંદિર ઉપર શ્વેતાંબરો ધ્વજાદંડ ચડાવવાની પવિત્ર ક્રિયા કરે અને તે વખતે દિગંબરો ખોટી રીતે ધાંધલ મચાવી પોતાને હાથે જ પોતાને નુકસાન વહોરી લ્યે તેમાં શ્વેતાંબરોનો શો દોષ? કે એમણે પોતાની ધર્મક્રિયા શા માટે અટકાવવી? ધ્વજાદંડ રાજ્ય તરફથી ઉતારી લેવામાં આવ્યો છે તે તો માત્ર તે ઝૂકી ગયો હોવાને કારણે જ! એથી શ્વેતાંબરોના હક્કમાં જરા પણ હરકત નથી આવતી અને તેથી જ કમીશનમાં પણ એ હક્કના પુરાવા દાખલ કરવામાં આવ્યા છે.

લંગોટ વગરની બધીય મૂર્તિઓ દિગંબરોની જ હોય છે એ માન્યતાને મથુરામાં મળેલી લંગોટ વગરની છતાં શ્વેતાંબર મૂર્તિઓએ નાબુદ કરી છે. એટલે કેવળ લંગોટ વગરની મૂર્તિ જોઈને કોઇ પણ મંદિર કે મૂર્તિને દિગંબરીય સિદ્ધ ન કરી શકાય. વળી શ્રી કેસરીયાજીના મંદિર માટે તો મંદિરની નવચોકીસના સ્તંભ ઉપરનો શિલાલેખ કે જેમાં શ્રી જિનલાભના ઉપદેશથી મંદિર બન્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે તે, નક્કાર-ખાનામાંનો શ્વેતાંબર જૈન શેઠ શ્રી સુલતાનમલજીનો લેખ છે તે તથા હાથી ઉપરનો શ્રી કનકવિમલજીના ઉલ્લેખવાળો શિલાલેખ એ વાત બીલકુલ નિશ્ચિત કરે છે કે એ મંદિર શ્વેતાબરોનું જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરાંત ત્યાંની કેટલીય પ્રતિમાઓ ઉપર શ્વેતાંબર મુનિ શ્રી વિજયસાગરજીના લેખો છે અને બધીય મૂર્તિઓનું પૂજન શ્વેતાંબર વિધિ પ્રમાણે થાય છે અને આંગી વગેરે પણ કરવામાં આવે છે.

શ્રી કેસરીયાનાથજીની મૂર્તિ સાથે સોળ સ્વપ્નાની વાત લખવા પહેલાં એટલું તો જરુર ધ્યાનમાં રાખવું જોઈતું હતું કે મૂળ પ્રતિમાજી શ્યામ પાષાણની બનેલ છે જ્યારે એ સ્વપ્નાં તો ધાતુના પરિકરમાં બનેલ છે. એટલે એનો મૂળ મૂર્તિ સાથે સંબંધ જોડી ન જ શકાય!

શ્રી કેસરીનાથજીના મંદિર પરત્વે આટલી વસ્તુ લખ્યા બાદ "आगम पुत्थे लिहिओ "નો "આગમની રચના કરવામાં આવી," એવો જે અર્થ આપ કરો છો તે સંબંધી કંઈક લખવું જરુરી જણાય છે.

એ આખાય વાક્યની સંસ્કૃત છાયા "आगमः पुस्तके लिखितः" થાય છે એટલે કે આગમ–શાસ્ત્ર પુસ્તકમાં લખવામાં આવ્યું એવો એનો અર્થ થાય છે. અને આ ચર્ચાનું મુખ્ય મૂળ "लिहिओ" શબ્દનો અર્થ કરવામાં રહેલું છે. આપ એ लिहिओ નો અર્થ लिखितः—रचितः (રચવામાં–બનાવવામાં આવ્યું) એવો કરો છો. અને એમ કરીને સમગ્ર શ્વેતાંબરીય આગમોને અર્વાચીન સિદ્ધ કરવા પ્રયત્ન કરો છો. પરન્તુ આ પ્રમાણે પ્રયત્ન કરવા જતાં કેટલીય મહત્ત્વની અને સત્ય વસ્તુ તરફ આપને દુર્લક્ષ્ય કરવું પડે છે. સૌથી પ્રથમ તો "लिहिओ" નો અર્થ રચાયો એવો કરવા જતાં "पुत्थे" શબ્દનો શો અર્થ કરી શકાય એ આપે વિચાર્યું જ નથી. વળી આ એક અતિ મહત્ત્વનું શાસ્ત્રીય વાક્ય હોઈ તેમાં અર્થ વગરનો એક પણ શબ્દ વધારે નથી એટલે જો એનો અર્થ आगमः पुस्तके लिखितः એટલે કે आगमः पुस्तकारूढः कृतः અર્થાત્ પરંપરાથી મુખપાઠ રાખવામાં આવતા આગમોને પુસ્તકારૂઢ કર્યાં એવો કરવામાં આવે તો જ "पुत्थे" શબ્દને યોગ્ય ન્યાય મળે છે.

જે વિદ્વાનોને પ્રાચીન હસ્તલિખિત પ્રતો સંબંધી લેશમાત્ર પણ અનુભવ હશે તે જાણતા હશે કે એ પ્રતોમાં लिखित અને रचित શબ્દ બીલકુલ જુદા અર્થમાં વાપરવામાં આવે છે. लिखित નો અર્થ બીજા કોઈએ બનાવેલ ગ્રંથને લિપિબદ્ધ કરવો એવો થાય છે. જ્યારે रचितनो અર્થ ગ્રંથની રચના કરવી એવો થાય છે. કેટલીય હસ્તલિખિત પ્રતોના અંતમાં लेखन સંવત્ અને रचना સંવત્, लेखकનું નામ તથા रचनारनुं નામ ભિન્ન ભિન્ન આપવામાં આવે છે. હવે જો लिखितनो અર્થ रचित કરવામાં આવે તો એ સેંકડો હસ્તલિખિત પ્રતિઓના અંતે આપવામાં આવતા આ ઉલ્લેખોની શી વ્યવસ્થા થઇ શકે? એટલે પ્રાચીન શાસ્ત્રીય પ્રણાલિકા તરફ બીલકુલ આંખમિંચામણી કરીને અને કેવળ અત્યારની પ્રથાને જ ધ્યાનમાં રાખીને लिखितनो અર્થ रचित કરવો લેશ માત્ર પણ યુક્તિયુક્ત નથી.

અમે નથી માનતા કે એક સામાન્ય માણસ પણ સમજી શકે એવી વાતથી શ્રીયુત વીરેન્દ્રકુમારજી બીલકુલ અજ્ઞાત હોય, પરન્તુ જે વસ્તુ તરફના પક્ષપાતના કારણે તેઓ એક દીવા જેવી સ્પષ્ટ વસ્તુને સમજવા—સ્વીકારવા અચકાય છે, તે દૂર થવાની જરુર છે.

છેવટે અમે ઇચ્છીએ છીએ કે ભાઈ વીરેન્દ્રકુમારજી વિષયાંતરની ચર્ચામાં ન ઉતરતાં મૂળ વસ્તુનો જ વિચાર કરશે જેથી કંઇક વિશેષ વસ્તુ લોકોને જાણવા મળી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાપ્રભાવશાલી પુરુષાદાનીય

# શ્રી સ્તંભન પાર્શ્વનાથ

લેખક—આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી

(ગતાંકથી ચાલુ)

ઇંદ્રે કહેલી બીના જાણીને સૂરિજી મહારાજ ઘણા ખુશી થયા. તેમણે આ રાતે બનેલો તમામ વૃત્તાંત શ્રીસંઘને કહી સંભળાવ્યો. તે સાંભળીને શ્રીસંઘે યાત્રાએ જવાની તૈયારી કરી. જેમાં ૯૦૦ ગાડાંઓ ચાલતાં હતાં. શ્રી સંઘના આગ્રહથી સૂરિજી મહારાજ પણ સાથે પધાર્યા. જ્યારે આ સંઘ સેઢી નદીના કાંઠે આવ્યો ત્યારે ત્યાં બે ઘરડા ઘોડા અદૃશ્ય થઇ ગયા. એટલે આ નિશાનીથી સંઘ ત્યાં રહ્યો. આચાર્ય મહારાજે આગળ જઇને પૂછ્યું ત્યારે એક ગોવાળે કહ્યું કે "હે ગુરુજી, આ પાસેના ગામમાં મહીણલ નામે મુખ્ય પટેલ છે. તેની કાળી ગાય અહીં આવીને પોતાના ચારે આંચળમાંથી દૂધ ઝરે છે. એટલે અહીં ખાલી થઇને જ તે ઘેર જાય છે. અને ત્યાં દોહવામાં આવતાં મહામહેનતે પણ લગાર પણ દૂધ દેતી નથી. તેનું કારણ કંઇ સમજાતું નથી." એમ કહીને તેણે તે સ્થલે ગુરુજીને દૂધ બતાવ્યું. એટલે પાસે બેસીને ગુરુજી પ્રાકૃતભાષામાં શ્રી પાર્શ્વનાથનું મહાપ્રભાવક जयतिहुयण ઈત્યાદિ બત્રીશ ગાથાઓનું નવું સ્તોત્ર રચીને બોલ્યા. ત્યાં ધીમે ધીમે જાણે પ્રત્યક્ષ પ્રભુનું પ્રતિબિંબ હોય તેવું શ્રી પાર્શ્વનાથ ભગવંતનું તેજસ્વિ બિંબ પ્રકટ થયું.. એટલે સંઘ સહિત સૂરિજીએ તરત જ ચૈત્યવંદન કર્યું, અને એમનો રોગ મૂલમાંથી દૂર થયો. તે વખતે શ્રાવકોએ ગંધોદકથી પ્રભુબિંબને ન્હવરાવીને કપૂર વગેરેનું વિલેપન કરવા પૂર્વક સાત્ત્વિક પૂજાનો અપૂર્વ લ્હાવો લીધો. તે સ્થલે નવું દહેરાસર બંધાવવા માટે એક લક્ષ રૂપિયા ભેગા થયા, અને ગામના મુખ્ય લોકોએ ત્યાં દેવાલય બાંધવાની હા પાડી.

શ્રી મલ્લવાદિ – શિષ્યના શ્રાવકોએ ત્યાંના રહીશ આમ્રેશ્વર અને બુદ્ધિનિધાન મહિષ નામના કારીગરોને ચૈત્ય બાંધવાનું કામ સોંપ્યું. થોડા જ સમયમાં તે કામ પૂર્ણ થયું. તે કામના ઉપરીને દરરોજ પગાર તરીકે એક દ્રમ્મ આપવામાં આવતો હતો. તેમાંથી થોડું ભોજનાદિના ખર્ચમાં વાંપરતાં બાકીના બચેલા દ્રવ્ય વડે તેણે ચૈત્યમાં પોતાના નામની એક દેવકુલિકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાવી, કે જે હાલ પણ હયાત છે. પછી શુભ મુહૂર્તે અભયદેવસૂરિજીએ ત્યાં બિંબની પ્રતિષ્ઠા કરી. તે જ દિવસે રાતે ધરણેન્દ્રે આવીને સૂરિજીને વિનતિ કરી કે–મારા ઉપર કૃપા કરી આપ આ સ્તવનમાંની છેલ્લી બે ગાથાઓ ગોપવી રાખો. સૂરિજીએ તેમ કરી ત્રીસ ગાથા કાયમ રાખી. ત્યારથી તે સ્થલ તીર્થ તરીકે ગણાયું. જન્મકલ્યાણકના મહોત્સવમાં પ્રથમ ધોળકાના મુખ્ય શ્રાવકે જળ કળશ લઇને ભગવંતને અભિષેક કર્યો. ત્યાં બિંબાસનના પાછળના ભાગમાં ઐતિહાસિક અક્ષર પંક્તિ પૂર્વે લખવામાં આવેલ છે, એમ લોકોમાં સંભળાય છે.

શ્રી જિનેશ્વરસૂરિ તથા બુદ્ધિસાગરસૂરિ ચિરકાલ સંયમજીવન પાળી છેવટે અનશન કરીને સ્વર્ગે ગયા. શ્રી અભયદેવસૂરિ મહારાજાએ પ્રથમ ઉપાંગ શ્રી ઔપપાતિક સૂત્રની અને પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજીએ બનાવેલ શ્રી પંચાશકશાસ્ત્રની ઉપર અપૂર્વ વિદ્વતા ભરેલી ટીકા બનાવી છે, જે થોડા વર્ષો પહેલાં શ્રી જૈનધર્મ પ્રસારક સભાએ છપાવી છે.

શ્રી અભયદેવસૂરિના અને શ્રી સ્તંભન પાર્શ્વનાથના સંબંધમાં શ્રી ઉપદેશ પ્રાસાદને અનુસારે આ વૃત્તાંત છે—આચાર્યપદથી વિભૂષિત થયા બાદ શ્રી અભયદેવસૂરિજી મહારાજ વિહાર કરતાં સંભાણક ગામથી ધોલકા થઇને થંભનપુરમાં પધાર્યા. ત્યાં અતિ તુચ્છ આહાર કરવાથી કોઢના[1] મહારોગથી તે એવા દુઃખી થયા કે હાથપગ હલાવવાની પણ તેમનામાં શક્તિ રહી નહી. એક દિવસ સાંજે સૂરિજીએ પ્રતિક્રમણ કરીને શ્રાવકોને[2] કહ્યું કે–આ રોગની પીડા બહુ થતી હોવાથી હું એક પણ ક્ષણ તે સહન કરવા સમર્થ નથી, તેથી કાલે અનશન કરીશ. તે સાંભળી શ્રાવકો ઘણા દીલગીર થયા. તે પછી તેરસની અડધી રાતે શાસન દેવીએ આવીને સૂરિજીને કહ્યું કે- હે ગુરુજી! ઉંઘો છો કે જાગો છો? ગુરુએ ધીમે સ્વરે કહ્યું કે- જાગું છું. દેવીએ કહ્યું કે- ઊઠો, આ સૂતરની નવ કોકડી ઉકેલો! ગુરુ બોલ્યા કે- આવા શરીરે હું શી રીતે ઉકેલી શકું? દેવીએ અવધિજ્ઞાનથી જાણીને કહ્યું કે- લાંબો કાળ જીવીને હજુ નવ અંગની વૃત્તિ કરવાનું જેના હાથમાં છે તેને આ તે શા હિસાબમાં છે? દેવીનું વચન સાંભળીને ગુરુએ કહ્યું કે- આવા શરીરે હું

૧. આ રોગ સંભાણક ગામમાં થયો, એમ સ્તંભનકકલ્પશિલોઞ્છમાં કહ્યું છે.

૨. આ શ્રાવકોમાં ઘણાખરા નજીકના ગામોમાં રહેતા હતા, અને પાક્ષિક પ્રતિક્રમણ કરવા માટે આવતા હતા. અનશનની ઇચ્છાવાળા ગુરુએ ખમાવવા માટે પણ તેમને બોલાવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવ અંગોની ટીકાઓ શી રીતે બનાવીશ? દેવી બોલી કે– છ મહિના સુધી આયંબિલ તપ કરજો. સૂરિજીએ છ મહિના સુધી આયંબિલ તપ કર્યો, અને કઠિન શબ્દોની ટીકા કરીને તે ટીકાઓ પૂરી[1] કરી. આ પછી શરીરને વિષે ફરીથી મહારોગ ઉત્પન્ન થયો, ત્યારે ધરણેન્દ્રે ધોળા સર્પનું સ્વરૂપ ધારણ કરી ત્યાં આવીને સૂરિજીના શરીરને ચાટીને નીરોગી બનાવ્યું. અને સૂરિજીને કહ્યું કે– સેઢી નદીના કાંઠે, પલાસ (ખાખરાનું ઝાડ) ના વનમાં શ્રી થંભન-પાર્શ્વનાથની પ્રતિમા જમીનમાં ગુપ્ત રહેલી છે તેને તમે પ્રકટ કરો. ત્યાં ઓચિતી એક ગાય આવીને તે પ્રતિમા જે જગ્યાએ છે તે જગ્યાએ દૂધ ઝરશે. તે ચિન્હથી તે મૂર્તિનું સ્થાન તમે નિશ્ચયે જાણજો.

સવારે સૂરિજી સંઘની સાથે ત્યાં ગયા અને ગાયને દૂધ ઝરતી જોઇને ગોવાળના બાળકોએ બતાવેલી ભૂમિની પાસે પ્રતિમાના સ્થાનનો નિશ્ચય થવાથી ગુરુજીએ પાર્શ્વનાથનું નવીન સ્તોત્ર રચવા માંડયું. તેના ૩૨ કાવ્ય કહ્યા પછી તેત્રીસમું કાવ્ય કહેતાં તરત જ શ્રી પાર્શ્વનાથનું અલૌકિક બિંબ પ્રગટ થયું. તે તેત્રીસમું કાવ્ય ગુરુજીએ દેવતાના આદેશથી ગોપવી દીધું. બત્રીસ કાવ્યોના આ સ્તોત્રની શરુઆતમાં जयतिहुयण પદ હોવાથી જયતિહુણય નામે એ સ્તોત્ર ઓલખાય છે. તે પ્રતિમાનાં દર્શન થયાં કે તરત જ રોગ મૂળથી નાશ પામ્યો ને ગુરુજી નીરોગી બન્યા.

પછી શ્રી સંઘે ગુરુજીને તે પ્રતિમાની ઉત્પત્તિ પૂછી ત્યારે ગુરુજીએ પૂર્વે કહ્યા પ્રમાણે તમામ બીના શ્રી સંઘની આગળ કહી સંભળાવી, અને છેવટે કહ્યું કે આ પ્રતિમા કોણે ભરાવી તે હજુ સુધી જાણી શકાયું નથી. આ પ્રમાણે પ્રતિમાનો મહિમા સાંભળીને શ્રી સંઘે તે જ સ્થાને નવું દહેર બંધાવી ત્યાં સ્તંભનપુર નામે ગામ વસાવ્યું. પછી જ્યારે, વિ. સં. ૧૩૬૮ ની સાલમાં દુષ્ટ મ્લેચ્છોએ ગુજરાતમાં ઉપદ્રવ કર્યો, ત્યારે વર્તમાન સ્તંભતીર્થની સ્થાપના થઇ. અત્યારે આ મહાચમત્કારી શ્રી પાર્શ્વનાથનું બિંબ સ્તંભતીર્થ (ખંભાત, તંબાવતી નગરી) માં હયાત છે.

(અપૂર્ણ)

૧. સ્તંભન પાર્શ્વનાથની મૂર્તિ પ્રકટ કર્યા પછી ટીકાઓ બનાવી, એવો પણ ઉલ્લેખ બીજા ગ્રંથોમા મળી શકે છે.

૨. સોલ કાવ્યો બોલ્યા પછી આખા બિંબનાં દર્શન ન થયા, માટે સત્તરમા કાવ્યમાં કહ્યું કે– जयपच्चक्ख जिणेसर એમ બત્રીશ કાવ્યો બનાવ્યા તેમાંથી બે કાવ્યો ગુપ્ત રાખ્યાં, એમ શ્રી જિનપ્રભસૂરિ કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૂર્તિની પ્રાચીનતાના પુરાવા

લેખક—**શ્રીયુત રતિલાલ ભીખાભાઈ**

સાહિત્ય, સંગીત અને કલાનો યોગ સાથે સંબંધ છે એ વસ્તુ આ જ માસિકના પહેલાંના અંકમાં હું જણાવી ગયો છું. સ્ટેન્ડર્ડ એનસાઈક્લોપીડીયામાં સાહિત્યને ઉદ્દેશીને લખવામાં આવ્યું છે કે ક્રાઈસ્ટ પહેલાં લગભગ ૪૦૦ વર્ષ પહેલાં ચીનમાં પુસ્તકો લખતાં હતાં અને તે એક મોટા સંગ્રહસ્થાનમાં રાખવામાં આવતાં હતાં. સંગ્રહસ્થાનમાં રાખવામાં આવતાં પુસ્તકોનું સૂચિપત્ર ચિત્રકારોના હાથે એ મકાનની ભીંતો ઉપર લખી રાખવામાં આવતું હતું જેથી ગમે તે વ્યક્તિ ગમે તે વખતે તેનો છૂટથી ઉપયોગ કરી શકે. કેટલો બધો સાહિત્યનો પ્રેમ! આત્મજ્ઞાનના પવિત્ર પંથ તરફ આમ જનતાને દોરતા સાહિત્ય માટે ચીનમાં કેવી સરસ વ્યવસ્થા રાખવામાં આવતી હતી! આ વસ્તુનું વિશદ વિવરણ એ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. અસ્તુ.

ક્રાઈસ્ટ પહેલાંની આપણી કરોડોની સંખ્યા દિવસે દિવસે ઓછી થતી જાય છે એ માટે જેઓના દિલમાં લાગણી થતી હોય તેવા સાક્ષરો-વિદ્વાનો જો વ્યવસ્થિત રીતે સાહિત્યના ઉદ્ધારનો પ્રયત્ન કરે તો આજે પણ જગતને એ બતાવી શકાય એમ છે કે જૈનસાહિત્યમાં યોગના સુંદરમાં સુંદર માર્ગોનું નિદર્શન આપવામાં આવેલું છે.

" ટાઈમ્સ ઑફ ઇંડીયા " તરફથી પ્રકટ થયેલ ન્યુ સ્ટેન્ડર્ડ એન્સાઈક્લોપીડીયામાં સંગીત માટે લખ્યું છે કે માનવજાતના ઈતિહાસના પ્રારંભકાળથી જ જુના ગ્રીક લોકોથી પણ પહેલાં સંગીતની ઉત્પત્તિ થઈ છે. આ સંગીતને પણ યોગ સાથે કેવો ગાઢો સંબંધ છે એ વિષયક એક સરસ નિબંધ થઈ શકે એમ છે. આ સ્થાને એ વસ્તુ લખવી વિશેષ જરૂરી નથી એટલે એ ઈચ્છા ભવિષ્ય ઉપર જ મુલતવી રાખી છે.

કલાની ઘણી વ્યાખ્યાઓમાં એક વ્યાખ્યા એ પણ છે કે—જે દ્વારા વ્યવસ્થિત રીતે ઉત્પન્ન થતી કલ્પના શક્તિ અને લાગણીઓનું વર્ણન થઈ શકે તેનું નામ કલા. આ વ્યાખ્યાની દૃષ્ટિએ કલાનો સાહિત્ય અને સંગીત સાથે બહુ જ નિકટનો સંબંધ છે એમ લાગ્યા વગર નથી રહેતું.

કળાની ઉપર કરવામાં આવેલ વ્યાખ્યા ઉપરાંત બીજી પણ વ્યાખ્યા થાય છે અને તેમાં મુખ્યત્વે કરીને કોતરકામ શિલ્પ, ચિત્રકામ વગેરેનો સમાવેશ થાય છે. આ દૃષ્ટીએ મૂર્તિ અને મૂર્તિવિધાનનો પણ કળામાં સમાવેશ થઈ જાય છે. વળી મૂર્તિનું સૌથી અધિક સન્માન અને મહત્ત્વ ધાર્મિક દૃષ્ટિએ કરાતું આપણે જોઈએ છીએ. એટલે આ પ્રમાણે ધર્મસાધનામાં મૂર્તિની મારફત કળા બહુ જ સારો ભાગ ભજવે છે. અને એનું જ એ કારણ છે કે જુનામાં જુના કાળની પૂર્વીય દેશની પ્રજાઓ પણ મૂર્તિ દ્વારા આત્મસાધનાનો માર્ગ સિદ્ધ કરતી હતી. આ રહ્યાં એનાં ઉદાહરણો '( આ ઉદાહરણોની નોંધ ટાઈમ્સ તરફથી બહાર પડેલ ન્યુ સ્ટેન્ડર્ડ એન્સાઈક્લોપિડીયાના આધારે તૈયાર કરવામાં આવી છે):

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) જ્યુઇશ પ્રજાનો સ્થાપક અને તેશહનો પુત્ર અબ્રાહમ ઇ. સ. ના ૨૦૦૦ વર્ષ પહેલાં થઈ ગયો તે એબીલોનમાં એલીયા પરગણામાં ઉર ગામમાં રહેતો હતો. તેના મૃત્યુ પછી એક દેવળ અને કબર બાંધવામાં આવ્યાં હતાં

(૨) સેટેફસ્ર્ટના હુકમથી તૈયાર કરવામાં આવેલો ઇજીપ્તના રાજાઓની નામાવલી કોતરેલો એક પત્થર ઇજીપ્ટમાં મળે છે, જે ઇ. સ. ના ૪૮૦ વર્ષ પહેલાંનો છે.

(૩) સીસીલીમાં ઇ. સ. ના ૫૮૨ વર્ષ પહેલાં સ્થપાયેલું એગ્રીજેન્ટમ નામનું ગ્રીક શહેર છે જેમાં તેના દેવળના અવશેષો મળી શકે છે. ઈ. સ. ૧૯૩૨ની સાલમાં બીજા કેટલાક અવશેષો પણ શોધી કાઢવામાં આવ્યા હતા.

(૪) ઇઝરાસેલના રાજાનું લગ્ન ટાયરના રાજાની પુત્રી જેઝેબેલ સાથે થયું હતું. તેનો સમય ઇ. સ. ના ૮૭૫ પૂ નો છે. તેની રાણીની લાગવગથી સૂર્યદેવની પૂજા થતી હતી.

(૫) ઈ. સ. પહેલાંના ચોથા સૈકામાં એપેલેસ નામક ગ્રીક ચિત્રકાર થઇ ગયો, જેની મહાન સિકંદરે પોતાના દરબારમાં ચિત્રકાર તરીકે નિમણુંક કરી હતી.

(૬) ઇ. સ. ના ૧૫૦૦ પહેલાં બનેલું એનીનું ઇજીપ્શ્યન સ્ક્રોઇબ મળે છે જે ૭૮ ફુટ લાંબુ છું અને જેમાં ઇજીપ્શ્યન પ્રજાની મરણક્રિયાની વિધિના રીવાજો લખેલા છે. અત્યારે આ બ્રીટીશ મ્યુઝીયમમાં છે.

(૭) ઇ. સ. ના ૨૮૭ વર્ષ પહેલાં આરકીમીડઝ નામના એક ગણિત વેત્તાનો જન્મ થયો હતો એની શોધખોળ અને લખાણો ઉપરથી માલુમ પડે છે કે એણે રોમનો સામે બચાવ કરવા માટે એંજીનોની શોધખોળ કરી હતી.

(૮) ઇ. સં. ના ૩૫૦ વર્ષ પહેલાં બનેલી મોસોલીયમના નામથી પ્રસિદ્ધ એક ભવ્ય કબ્ર મળે છે જે મોસોલુસના રાજાની સ્ત્રીએ પોતાના પતિના સ્મરણમાં બંધાવી હતી.

(૯) ઇ. સ. ના ૪૪૦ વર્ષ પહેલાં ગ્રીક કલા જગમશહૂર હતી જેનો પૂરાવો ફીડીઆઝે મૂકાવેલા એથેનાન' બાવલા ઉપરથી મળે છે.

(૧૦) કોલોઝસ ઈ. સ. ના ૨૨૪ વર્ષ પહલાંનું દુનીયાની સાત મહાન અજાયબીઓમાંની એક અજાયબી તરીકે જગમશહૂર આમેનહોટેપ ત્રીજાનું આ બાવલું ૭૦ ફુટ ઉંચું છે.

(૧૧) ઇ. સ. ના ૫૨૧-૪૮૫ વર્ષ પહેલાં ડેરીશસ નામના પરશ્યન રાજાએ ઝેરુબાબેલને જેરૂસલેમનું બીજું મંદિર બાંધવાની પરવાનગી આપી હતી.

(૧૨) ક્રાઇસ્ટ પહેલાં ઈજીસ્ટમાં પાપીરસના રોલો (ભુંગળા) ઉપર સાહિત્ય લખાતું હતું. ઇજીપ્ટના લોકો ક્રાઇસ્ટ પહેલાં આત્માના અમરપણા વિષે શ્રદ્ધાળુ હતા. ક્રાઇસ્ટ પહેલાં આઠ હજાર વર્ષ પહેલાંથી ઇજીપ્તનો સુધારો જાણીતો છે-જે મંદિરો અને કબરોના અવશેષો ઉપરથી માલુમ પડે છે. ક્રાઇસ્ટ પહેલાંની ઇજીપ્તની શિલ્પ-મકાનો બાંધવાની-કળા સર્વોત્કૃષ્ટ હતી. ત્યાંના કરણકના મંદિરના અવશેષો તથા ટુટન આમેનની કબરોના અવશેષો જાણીતા છે.

(અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દળદાર વિશેષાંક !] "श्री जैन सत्य प्रकाश" [ગ્રાહકોને ભેટ !

શ્રી રાજનગર (અમદાવાદમાં) મળેલ

અખિલ ભારતવર્ષીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિસંમેલન-સંસ્થાપિત

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિના

માસિક મુખપત્ર

# "श्री जैन सत्य प्रकाश"નો

આગામી જ્ઞાનપંચમી—કાર્તિક શુકલા પંચમી—નો અંક

# "श्री महावीर निर्वाण विशेषांक"

તરીકે પ્રગટ થશે

એ દળદાર અંકમાં પરમાત્મા મહાવીર દેવ સંબંધી, ભિન્ન ભિન્ન વિદ્વાનોના અતિ મહત્ત્વપૂર્ણ લેખોનો સંગ્રહ આપવામાં આવશે.

**આ દળદાર અંક**

"શ્રી જૈન સત્ય પ્રકાશ" ના ગ્રાહકોને ચાલુ લવાજમમાં
(જે વાર્ષિક માત્ર બે જ રૂપીયા છે)
ભેટ આપવામાં આવશે !

**આ અંકનું છુટક મૂલ્ય ૦-૧૨-૦ (ટપાલ ખર્ચ જુદું) રાખવામાં આવશે.**

જેઓ છુટક ગ્રાહક થવા ઇચ્છતા હોય તેમણે દ્વિતીય ભાદ્રપદ શુકલા પંચમી પહેલાં પોતાનું નામ લખી જણાવવું જેથી તે માટે વ્યવસ્થા થઈ શકે.

માત્ર બે રૂપીયા જેટલી નજીવી રકમમાં આ દળદાર વિશેષાંક ઉપરાંત આખા વર્ષના બીજા અગીયાર અંકોનું લગભગ ૫૦૦ પાના જેટલું, વિદ્વતાભર્યું વાચન મેળવવું હોય તો ગ્રાહક થવા માટે તરત જ લખો —

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા
અમદાવાદ (ગુજરાત)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિના
## માસિક મુખપત્ર
# "श्री जैन सत्य प्रकाश"ના "श्री महावीर निर्वाण विशेषांक"
## ની યોજના
# विद्वानोने लेखो मोकलवानुं आमंत्रण

આગામી કાર્તિક શુકલા પંચમી – જ્ઞાનપંચમીના દિવસે પ્રકટ થનારો "શ્રી જૈન સત્ય પ્રકાશ"નો અંક "શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક" તરીકે પ્રકટ કરવાનું સમિતિએ નિશ્ચિત કર્યું છે. ભગવાન્ મહાવીરના, આજ સુધીમાં અનેક ચરિત્રો પ્રકાશિત થયાં છે, પરંતુ પરમાત્મા મહાવીરદેવના જીવનનું સાચું મહત્ત્વ સમજાવે એવા અને અજૈન વિદ્વાન વર્ગના હાથમાં મૂકી શકાય એવા, ઐતિહાસિક દૃષ્ટિબિંદુથી તૈયાર થયેલ જીવનચરિત્રની ખામી તો હજુ સુધી પૂર્ણ નથી જ થઇ. આવું ચરિત્ર લખનાર વિદ્વાનને ઉપયોગી થઇ શકે એવી સામગ્રીને સંગ્રહના રૂપમાં પ્રકટ કરવાની ભાવના એ આ વિશેષાંકની યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે. એ ઉદ્દેશની પૂર્તિ માટે, ભગવાન્ મહાવીરસ્વામીના જીવનને લગતા જુદા જુદા વિષયો સંબંધી લેખો મોકલી આપવાનું, તે તે વિષયમાં નિષ્ણાત, જૈન કે અજૈન, ભારતીય કે પાશ્ચાત્ય અભ્યાસીઓને અમારું સાગ્રહ આમંત્રણ છે.

ભગવાન્ મહાવીરસ્વામીના જીવનને લગતા કેટલાક વિષયોનું સૂચીપત્ર નીચે આપવામાં આવ્યું છે. એ વિષયો પૈકી કોઇ પણ વિષય ઉપર, અથવા મહાવીરસ્વામીના જીવન સંબંધી કોઇ પણ બીજા વિષય ઉપર લેખ તૈયાર કરીને, મોડામાં મોડો દ્વિતીય ભાદ્રપદ શુકલા પંચમી પહેલાં મોકલી આપવા દરેક વિદ્વાન કૃપા કરશે એવી આશા છે.

૧ ભ. મહાવીરનું બૌદ્ધ સાહિત્યમાં સ્થાન
૨ ભ. મહાવીરના ચરિત્રનો જૈન આગમોમાં ઉલ્લેખ
૩ ભ. મહાવીરનું વિહારક્ષેત્ર.
૪ ભ. મહાવીરના ભક્ત રાજાઓ.
૫ ભ. મહાવીરના સમયનાં દર્શનો.
૬ ભ. મહાવીરના સમયની સંઘ વ્યવસ્થા.
૭ ભ. મહાવીરનો સમય-નિર્ણય.
૮ ભ. મહાવીરના જીવનની વિશેષ ઘટનાઓ.
૯ ભ. મહાવીર અને તત્કાલીન સમાજ.
૧૦ ભ. મહાવીરના સિદ્ધાંતો (સ્યાદ્વાદ, સપ્તભંગી, નય, કર્મ વગેરે)
૧૧ ભ. મહાવીર યુગપ્રવર્તક તરીકે.
૧૨ ભ. મહાવીરની શ્રમણસંસ્કૃતિ અને બ્રાહ્મણ સંસ્કૃતિની તુલના.
૧૩ ભ. મહાવીરનો કુલ-પરિચય (ઐતિહાસિક દૃષ્ટિએ)
૧૪ ભ. મહાવીર અને બુદ્ધના વ્યક્તિત્વની તુલના.
૧૫ ભ. મહાવીરનું વૈદિક સાહિત્યમાં સ્થાન.
૧૬ ભ. મહાવીર પહેલાંનો જૈનધર્મ.
૧૭ ભ. મહાવીરની પટ્ટાવલી-પટ્ટપરંપરા અને શાખાઓ.
૧૮ ભ. મહાવીરના જીવન પર પૂર્વના ૨૭ ભવની અસર
૧૯ ભ. મહાવીરની તપસ્યા અને તેનું મહત્ત્વ.
૨૦ ભ. મહાવીરના ગણધરો.
૨૧ ભ. મહાવીરને થયેલ ઉપસર્ગોનું રહસ્ય.
૨૨ ભ. મહાવીરનાં તીર્થો.
૨૩ ભ. મહાવીર સંબંધી પ્રાચીનતમ શિલાલેખ.
૨૪ ભ. મહાવીરના ચરિત્ર સંબંધી સાહિત્ય. (જૈન, અજૈન, ભારતીય, પાશ્ચાત્ય)
૨૫ ભ. મહાવીરના સમયની રાજકીય સ્થિતિ.
૨૬ અન્યત્ર રહેલાને તારવા: હાલિક મહાશતકનો પ્રસંગ, કુંડકોલિકને બોધ.
૨૭ દેવશર્માને પ્રતિબોધ.
૨૮ અવતારની નિયતતા.
૨૯ દેવાદિઆગમનઆદિનું રહસ્ય, તેની જરૂર.
૩૦ તત્ત્વજ્ઞાન અને તેની મહત્તા.
૩૧ ગણધરોને ધર્માંતર કરવાની જરૂર.
૩૨ અર્થ પ્રરૂપણા જ કેમ?

લેખો મોકલવાનું તથા તે સંબંધી પત્રવ્યવહારનું સરનામું—

**વ્યવસ્થાપક, "શ્રી જૈન સત્ય પ્રકાશ"**
**જેશિંગભાઇની વાડી, ઘીકાંટા, અમદાવાદ (ગુજરાત)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

—અલવરમાં સીટી ઈંપ્રુવમેંટ ટ્રસ્ટ ખાતા તરફથી ચાલતા ખોદકામ દરમ્યાન મંગલબુર્જમાંથી એક આખું મંદિર જમીનમાંથી મળી આવ્યું છે, જે શ્વેતાંબર જૈનોનું છે. આ મંદિરમાંથી મળતા શિલાલેખ પ્રમાણે તેની સં. ૧૬૪૫ની સાલમાં, સમ્રાટ અકબરના રાજ્યકાળ દરમ્યાન, આગ્રાનિવાસી હીરાનંદ નામના શ્રાવકે પ્રતિષ્ઠા કરી હતી. એક શિલાલેખ ૧૨૧૧ની સાલનો પણ મળ્યો છે. એ મંદિરના મૂળનાયકજીનું નામ સવણ-પાર્શ્વનાથ હતું એમ શિલાલેખ ઉપરથી મળે છે.

—અલવરમાંથી બીજો પણ એક શિલાલેખ જમીનમાંથી મળી આવેલ છે, જે સં. ૧૬૪૨નો છે અને જેમાં શ્રી જિનદત્તસૂરિજીના નામનો ઉલ્લેખ છે,

સમિતિના પાંચ મુનિરાજોનાં સરનામાં—

(૧) પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરિજી
ઠે. જૈનઉપાશ્રય **જામનગર** (કાઠીઆવાડ)

(૨) પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરિજી
ઠે. ન્યાતિનોરા, **સાદડી** (મારવાડ)

(૩) પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયલાવણ્યસૂરિજી
ઠે. જૈનઉપાશ્રય, પાંજરાપોળ, **અમદાવાદ** (ગુજરાત)

(૪) પરમપૂજ્ય મુનિમહારાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ
ચોમાસાનું ગામ-**પાડીવ** (મારવાડ)

ટપાલનું સરનામું
C/o પોસ્ટ માસ્તર, **શિરોહી** (મારવાડ)

(૫) પરમપૂજ્ય મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી મહારાજ
ઠે. જૈનઉપાશ્રય, લાખણકોટડી, **અજમેર** (રાજપુતાના)

---

મુદ્રક અને પ્રકાશક: ચીમનલાલ ગોકળદાસ શાહ, મણિ મુદ્રણાલય, કાળુપુર, ખજુરીની પોળ, અમદાવાદ.
પ્રકાશનસ્થાન: શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Regd. No. B-3801

जयति
श्रीजिनवरस्य
शासनम्

For Private And Personal Use Only